આપનું અખબાર : આપનો અવાજ

દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૪૮ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

માનનીય વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઈ મોદીના
વરદ હસ્તે

વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત
તથા
'પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ'ના 24મા હપ્તાનું વિતરણ

'પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ' હેઠળ 24મા હપ્તાની ટ્રાન્સફર: 9.34 કરોડથી વધુ ખેડૂતોને કુલ ₹ 19 હજાર કરોડ DBT દ્વારા ચૂકવાશે

ભીલડી ખાતે નિર્માણ પામેલા BBBRC સંકુલના લોકાર્પણથી પશુ વંશ સુધારણા 20 ગણી ઝડપી બનશે

ફ્રેન્ચ ફ્રાઈસ પ્રોસેસિંગ યુનિટના વિસ્તરણથી બટાટા ઉત્પાદક ખેડૂતોને સુનિશ્ચિત અને પ્રિમિયમ વળતર મળશે

રાજ્યભરમાં 4000થી વધુ આંગણવાડી કેન્દ્રોના લોકાર્પણથી બાળકોને ઉત્તમ શિક્ષણની સાથે પોષણ મળશે

અમદાવાદ-મહેસાણા વચ્ચેના આઠ લેનના હાઈવેનું ખાતમુહૂર્ત: પ્રવાસન, ઉદ્યોગ અને આર્થિક પ્રવૃત્તિઓને વેગ મળશે

અમદાવાદ (સાબરમતી)-વારાણસી એક્સપ્રેસ અને બેચરાજીથી નવી ટ્રેન સેવાનો શુભારંભ

અમદાવાદમાં કોટેશ્વરથી એરપોર્ટ સુધીના મેટ્રો રૂટનું ખાતમુહૂર્ત: એરપોર્ટ સુધીની કનેક્ટિવિટીમાં વધારો થશે

મુખ્ય મહેમાન
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

વિશેષ ઉપસ્થિતિ
શ્રી શંકરભાઈ ચૌધરી
માનનીય અધ્યક્ષ, ગુજરાત વિધાનસભા અને માનનીય ચેરમેન, બનાસ ડેરી

શ્રી હર્ષ સંઘવી
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"ખેડૂતની સમૃદ્ધિ, પશુપાલનને નવી ગતિ, ઉદ્યોગોની પ્રગતિ અને બાળકોને પોષણ-શિક્ષણ; બનાસકાંઠાના આંગણેથી ગુજરાતના ઉજ્જવળ ભવિષ્યની નવી દિશાઓ ખૂલી રહી છે." - હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

તારીખ: 30 ઓક્ટોબર, 2026
સમય: સવારે 8 વાગે
સ્થળ: ભીલડી, બનાસકાંઠા

કાર્યક્રમનું જીવંત પ્રસારણ ડીડી ન્યૂઝ ચેનલ પર DD NEWS

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાણામંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં

બલીઠાની મીની સિવિલ હોસ્પિટલનું ૩ નવેમ્બરે લોકાર્પણ

આ મીની સિવિલ હોસ્પિટલમાં આધુનિક તબીબી સુવિધાઓથી સજ્જ ૧૨૦થી ૧૨૮ બેડની વ્યવસ્થા થી વાપી સહિત આસપાસના ચાર લાખથી વધુ લોકોને આરોગ્ય સેવાઓનો લાભ મળશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૯ : વાપી પંથકના નાગરિકોને આધુનિક અને સુવિધાયુક્ત આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી વાપી મહાનગરપાલિકાના બલીઠા વિસ્તારમાં નેશનલ હાઈવે નંબર ૪૮ પર રૂા. ૪૫.૩૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલી મીની સિવિલ હોસ્પિટલનું આગામી તા. ૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ લોકાર્પણ કરવામાં આવશે. આ નિર્માણ પામેલા બિલ્ડિંગમાં ૧૨૦થી ૧૨૮ બેડની સુવિધા ધરાવતી આ હોસ્પિટલ શરૂ થવાથી વાપી તથા આસપાસના વિસ્તારોની આરોગ્ય સેવાઓને વધુ મજબૂતી મળશે. વાપી અને તેની આસપાસના વિસ્તારોમાં વસતા નાગરિકોને સમયસર અને ગુણવત્તાયુક્ત તબીબી સારવાર મળી રહે તે હેતુથી આ હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું છે. આધુનિક તબીબી સુવિધાઓથી સજ્જ આ હોસ્પિટલમાં સ્પેશિયલાઈઝ્ડ ઓપરેશન થિયેટર, ઈમરજન્સી સારવારની સુવિધાઓ તેમજ આધુનિક તબીબી સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવશે. સાથે જ નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા દર્દીઓને સારવાર પૂરી પાડવામાં આવશે.આ હોસ્પિટલ શરૂ થવાથી વાપી ઉપરાંત આસપાસના વિસ્તારોમાં રહેતા ચાર લાખથી વધુ લોકોને આરોગ્ય સેવાઓનો સીધો લાભ મળી શકશે. ખાસ કરીને ઈમરજન્સીની પરિસ્થિતિમાં દર્દીઓને સમયસર સારવાર મળી રહેવાની સાથે જ જટિલ સારવાર માટે અન્ય શહેરોની હોસ્પિટલોમાં જવાની જરૂરિયાતમાં પણ ઘટાડો થવાની આશા છે. હોસ્પિટલનું નિર્માણ કાર્ય સમયસર પૂર્ણ થાય અને આ આરોગ્ય સુવિધા વહેલી તકે લોકઉપયોગી બને તે માટે સ્થાનિક ધારાસભ્ય અને રાજ્યના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા રાજ્યના બજેટમાં ખાસ જોગવાઈ હોસ્પિટલ બનાવવા માટે કરી હતી તથા આ હોસ્પિટલ ની કામગીરીની પણ સમય સમયે સ્થળ નું નિરીક્ષણ પણ કરવામાં આવતું હતું તેમજ વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, ભાજપ સંગઠનના પ્રમુખ મનીષભાઈ દેસાઈ અને હોદ્દેદારો દ્વારા હોસ્પિટલ નિર્માણ કાર્યમાં વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું. હવે આ હોસ્પિટલનું અગામી તા. ૩ નવેમ્બરના રોજ મુખ્યમંત્રી અને રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ થશે . જેની સાથે જ વાપી પંથકના આરોગ્ય ક્ષેત્રમાં નવી સુવિધાનો ઉમેરો થશે.

આ હોસ્પિટલ કાર્યરત થતાં સ્થાનિક નાગરિકોને તેમજ વાપી વિસ્તારોમાં આવેલી કંપનીઓમાં કામ કરતાં કામદારો ને દરેક પ્રકારની બીમારી ધરાવતા દર્દીઓને આધુનિક તબીબી સારવાર વધુ સુલભ બનશે અને સમગ્ર વિસ્તારની આરોગ્ય વ્યવસ્થાને નવી દિશા મળી રહેશે

વાપીમાં આ નવી સિવિલ હોસ્પિટલનું નિર્માણ થતાં જ હવે ગરીબ જરૂરિયાતમંદ દર્દીઓને વલસાડની સિવિલ હોસ્પિટલ સુધી જવું ન પડશે તે ખૂબ જ મહત્વનો બની રહેશે.

૨૪ કલાક ઈમરજન્સી સારવાર દર્દીઓને મળી રહેશે

ગુજરાત સરકારના હેલ્થ-ફેમીલિ વેલફેર ડિપાર્ટમેન્ટ દ્વારા મીની સિવિલ હોસ્પિટલ માટે સાઈટ એરિયા ૭૦૦૩.૯૦ સ્કવેર મીટર કુલ વિસ્તાર ૧૫૭૩૦.૧૪ સ્કવેર મીટર નો છે. અહીં છીરી, કોપરલી, નાની તંબાડી, વટાર, કરવડ તથા અર્બન પીએચસીમાં વાલ્મિકી આવાસ, ગીતા નગર, ડુંગરા અને સુલપડના દર્દીઓને અહીં આરોગ્યલક્ષી સુવિધા મળી રહેશે. ૨૪ કલાક ઈમરજન્સી સારવાર, ૨૪ કલાક ફાર્માસી સ્ટૌર, સિટી સ્કેન, એક્સ રે, લેબોરેટરી, બ્લડ બેન્ક, ૪ ઓપરેશન થિયેટરો. ૧૯ ઓપીડી, ૧૨૮ બેડની હોસ્પિટલ, ૮ આઈસીયુ બેડ,પીએમ રૂમ, એડિશનલ સ્પેશિયલ રૂમ, વીઆઈપી રૂમ, ગ્રાઉન્ડ ફલોરમાં ઈમરજન્સી ડિપાર્ટમેન્ટ સહિતની સુવિધાનો સમાવેશ થાય છે.

વાંસદાના લાછકડી-બાયારમાં આયુષ મેળા કેમ્પ યોજાયો

આયુર્વેદ અને હોમિયોપેથીક સારવાર સહિત વિવિધ આરોગ્ય સેવાઓનો ૨૨૮ લાભાર્થીઓએ લાભ લીધો

(દમણગંગા ટાઈમ્સ)

નવસારી, તા. ૨૯ : આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નિયામક આયુષ કચેરી, ગાંધીનગરની પ્રેરણા તથા જિલ્લા આયુર્વેદ અધિકારી વૈદ્ય ડૉ. કાજલબેન મઢીકરના માર્ગદર્શન હેઠળ વાંસદા તાલુકાના લાછકડી-બાયાર ખાતે આયુષ શાખા, નવસારી દ્વારા ભવ્ય આયુષ મેળા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

લાછકડી બાયાર સંસ્થાના સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં આયુર્વેદ અને હોમિયોપેથીક પદ્ધતિ દ્વારા નિદાન અને સારવાર સહિતની વિવિધ આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. આ કેમ્પમાં કુલ ૨૨૮ લાભાર્થીઓએ આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો.

કેમ્પનો પ્રારંભ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય અને ભગવાન ધન્વંતરીની સ્તુતિ સાથે કરવામાં આવ્યો હતો. જિલ્લા આયુર્વેદ અધિકારી વૈદ્ય ડૉ. કાજલબેન મઢીકરે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી આયુષ મેળા કેમ્પના ઉદ્દેશ્ય તેમજ આયુર્વેદ શાખાની કામગીરી અંગે માહિતી આપી હતી.

આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ કોશિકભાઈ પટેલ, જિલ્લા પંચાયત સભ્ય હિંમતભાઈ પટેલ, તાલુકા પંચાયત ઉપપ્રમુખ અજયભાઈ ગાવિત, વાંસદા તાલુકા પંચાયતની કારોબારી સમિતિના અધ્યક્ષ પ્રશાંતભાઈ પટેલ, ન્યાય સમિતિના અધ્યક્ષ નિકેતભાઈ પટેલ, શાસક પક્ષના નેતા બિપિનભાઈ પટેલ, તાલુકા પંચાયત સભ્ય હર્ષિલાબેન દેશમુખ, સરપંચ ગનાજીભાઈ પટેલ, લાછકડી બાયાર સંસ્થાના ઓફિસરશ્રી મયરાજભાઈ રૂપાટ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

વાંસદા તાલુકા પંચાયતના - મુખશ્રી કોશિકભાઈ પટેલે આયુષ મેળા કેમ્પનો વધુમાં વધુ લોકોએ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

વૈદ્ય ચિરાગ ડોબરિયા, મેડિકલ ઓફિસર, વાંસદા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. કેમ્પમાં ઉપસ્થિત મહેમાનો દ્વારા વિવિધ સ્ટોલની મુલાકાત લેવામાં આવી હતી.

આયુષ મેળા કેમ્પમાં આયુર્વેદ અને હોમિયોપેથીક પદ્ધતિ દ્વારા વિવિધ રોગોનું નિદાન અને સારવાર કરવામાં આવી હતી. સાથે જ દિનચર્યા, ઋતુચર્યા, યોગ નિદર્શન, જરૂરી યોગ માર્ગદર્શન, પ્રકૃતિ પરીક્ષણ, જિરિયાટ્રિક્સ ઓપીડી તથા ઔષધીય વનસ્પતિઓનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ઉપરાંત આયુર્વેદ ઔષધયુક્ત હર્બલ ટીનું વિતરણ તથા આયુષમાન આરોગ્ય મંદિરના યોગ ઈન્સ્ટ્રક્ટર દ્વારા યોગાસનોનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

વાપી મનપાએ સ્ટ્રીટલાઇટ લાઈનમાંથી ગેરકાયદે વીજ ચોરી ઝડપી પાડી

મોરાઈ દેસાઈવાડમાં રહેણાંક મકાનમાં જાહેર લાઈટના કનેક્શનથી લાઈટો ચાલુ, ટીમે કનેક્શન કાપ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૯ : વાપી મહાનગરપાલિકા દ્વારા જાહેર સંપત્તિના દુરુપયોગ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. વોર્ડ નં.૧ના મોરાઈ દેસાઈવાડ વિસ્તારમાં જાહેર સ્ટ્રીટલાઈટની વીજલાઈનમાંથી અનધિકૃત રીતે વીજ જોડાણ મેળવીને રહેણાંક મકાન અને કમ્પાઉન્ડની લાઈટો ચાલુ કરવામાં આવતી હોવાની ફરિયાદ મળી હતી. ફરિયાદને પગલે તા. ૨૮/૧૦/૨૦૨૬ ના રોજ મહાનગરપાલિકાની ઈલેક્ટ્રિક વિભાગની ટીમે સ્થળ પર જઈ તપાસ કરતાં આ બાબત સાચી હોવાનું જણાયું હતું. તાત્કાલિક કાર્યવાહી કરી ટીમે અનધિકૃત વીજ જોડાણ દૂર કરી જપ્ત કર્યું હતું.

આ મામલે ગામના એક પ્રતિષ્ઠિત નાગરિકને ખુલાસો રજૂ કરવા માટે નોટિસ પાઠવવામાં આવી છે. સાથે જ ભવિષ્યમાં આવી પ્રવૃત્તિનું પુનરાવર્તન ન કરવા કડક ચેતવણી આપવામાં આવી છે.

મહાનગરપાલિકાએ જણાવ્યું હતું કે જાહેર વીજ વ્યવસ્થાનો વ્યક્તિગત ઉપયોગ કરવો એ સંપૂર્ણપણે અનધિકૃત અને ગેરકાયદેસર છે. તેનાથી જાહેર સંપત્તિને નુકસાન થાય છે અને વીજ સલામતી માટે ગંભીર જોખમ ઊભું થઈ શકે છે. જો ફરી આવી પ્રવૃત્તિ ધ્યાને આવશે તો લાગુ કાયદા અને નિયમો મુજબ કાયદેસરની આકરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ખેરગામમાં બે સ્થળોએ કિસાન ઉત્સવ કાર્યક્રમ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ખેરગામ, તા. ૨૯ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વરદ હસ્તે (વર્ચ્યુઅલ માધ્યમથી) પી.એમ.કિસાન સમ્માન નિધિ (PM-KISAN) યોજના અંતર્ગત ૨૪મા હપ્તા પેટે ડાયરેક્ટ બેંક ટ્રાન્સફરથી દેશના ૯.૩૪ કરોડ થી વધુ ખેડૂત કુટુંબોને રૂ. ૧૮,૬૮૦ કરોડ થી વધુની સહાય, રાજ્યના ૫૨.૩૩ લાખ થી વધુ ખેડૂત કુટુંબોને રૂ. ૧,૦૫૧ કરોડ થી વધુની સહાય વિતરણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરક ઉપસ્થિતીમાં બનાસકાંઠા ખાતેથી રિલીઝ થશે(૨૩ મો હપ્તો ૨૦-૬-૨૬ એ અપાયો હતો) દરેકના ખાતામાં ૨,૦૦૦/- રૂ. જમા થશે જેના ભાગરૂપે નવસારી જિલ્લામાં ચીખલી ખાતે જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ યોજાશે. તમામ જિલ્લા પંચાયતની બેઠકદીઠ બે જગાએ કિસાન ઉત્સવના કાર્યક્રમો યોજાશે. ખેરગામ તાલુકાના નાન્ધઈ ગુપ્તેશ્વર મહાદેવ મંદિર સંકુલ ખાતે તથા બહેજ રૂપા ભવાની મંદિર સાંસ્કૃતિક ભવન ખાતે આ કાર્યક્રમ સવારે ૧૦ વાગ્યા પહેલા યોજાશે. જયારે સરદાર પટેલના જન્મ દિવસ ૩૧ ઓકટોબર નિમિત્તે સમગ્ર રાજ્યમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી ગ્રામ પંચાયત અને તાલુકાઓથી લઈને મહાનગરપાલિકાઓ સુધી કરવાનો આદેશ સરકારે તા. ૨૬/૧૦ એ જારી કર્યો છે. વિવિધ પ્રકારના કાર્યક્રમો યોજી તેમાં નાગરિકોની સક્રિય ભાગીદારી સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા સૂચના અપાય છે. કેવડિયા-સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સાંજથી એકતા પરેડ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમોનું જીવંત પ્રસારણનું સમૂહ નિદર્શન કરાવવા સુચના અપાય છે.

'વેરહાઉસિંગ ડેવલપમેન્ટ' અંગે

વઘઈ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખેડૂતો માટે તાલીમ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

આહવા, તા. ૨૯ : કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ (ડાંગ) અને ચૌધરી ચરણ સિંહ નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ એગ્રીકલ્ચરલ માર્કેટિંગ, જયપુરના સંયુક્ત ઉપક્રમે ખેડૂતો માટે વેરહાઉસિંગ ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેટરી ઓથોરિટી વિષય પર એક જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ખેડૂતોને તેમની ઉપજના યોગ્ય ભાવ અપાવવા તેમજ સંગ્રહ અને નાણાકીય સુવિધાઓની જાણકારી પ્રદાન કરવાનો હતો.

કાર્યક્રમમાં CCS NIAM ના સલાહકાર ડૉ. રાહુલ સાંખલાએ ખેડૂતોને સંબોધતા જણાવ્યું કે અવારનવાર ખેડૂતો પોતાની ઉપજ મજબૂરીવશ ઓછા ભાવ પર વેચી દે છે. જો ખેડૂતો પોતાની ઉપજને WDRA થી નોંધાયેલા ગોડાઉનોમાં સુરક્ષિત રાખે છે, તો તેમને e-NWR (ઈલેક્ટ્રોનિક નેગોશિયેબલ વેરહાઉસ રસીદ) પ્રાપ્ત થાય છે. આ રસીદના આધારે ખેડૂતો બેંકમાંથી લોન અને વિવિધ પ્રકારની સબસિડી સુવિધાઓનો લાભ મેળવી શકે છે. આનાથી ખેડૂતો પોતાની ઉપજને યોગ્ય સમયે વેચીને વધુ નફો કમાઈ શકે છે. ડો. હર્ષદ એ. પ્રજાપતિ (વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા) દ્વારા લણણી પછીના નુકસાનને ઘટાડવા અને ખેતરના સ્તર પર સંગ્રહ પદ્ધતિઓ માટે કૃષિ ચીજવસ્તુઓના વૈજ્ઞાનિક સંગ્રહના ફાયદા અને ગૌરાંગ પડસાળા (વૈજ્ઞાનિક (કૃષિ વિસ્તરણ)) દ્વારા વેરહાઉસિંગના ફાયદા અને મુખ્ય સુવિધાઓ વિશે ખેડૂતોને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમના અંતિમ ભાગમાં ખેડૂતોને નજીકના વેરહાઉસની મુલાકાત કરાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં લગભગ ૫૦ ખેડૂતોએ સક્રિયપણે ભાગ લીધો હતો.

નવસારી કૃષિ યુર્નિ.ના જુવાર સંશોધન વિભાગે

રાનવેરીખુર્દમાં ખેડૂતોને માર્ગદર્શન આપ્યું

સાયન્સ કોર્નર ડેસ્ક
દમણગંગા ટાઈમ્સ, વાપી

ચીખલી તાલુકાના રાનવેરી ખુરદ ના સહકાર નગરમા અનુ.જાતિ ના ખેડૂતો રવિ પાક જુવાર નું વાવેતર અને ઉત્પાદન કરી આર્થિક રીતે આત્મનિર્ભર બને એવા ઉમદા હેતુ માટે નવસારી કૃષિ યુનિવર્સિટી ના જુવાર સંશોધન વિભાગ દ્વારા

પ્રમાણિત બિયારણ, દવા અને છટકાવ માટે નો પંપ (સ્પ્રે પંપ) નું વિનામૂલ્યે વિતરણ અનુ.જાતિ ના ખેડૂતોને કરવામાં આવ્યું હતું માર્ગદર્શન અને વિતરણ કાર્યક્રમ દરમિયાન કૃષિ વૈજ્ઞાનિક અને નિષ્ણાતો ડૉ. હર્ષિલ પાટિલ, ડૉ. કેતન કંજારિયા, ડૉ. નિરવ રાડરિયા, ડૉ. હિરેન ધેર અને ડૉ. વિનુ ઝિન્જાળા એ ખેડૂતોને જુવારના પાક અને જમીનની ગુણવત્તા તેમજ ખોરાક તરીકેની ઉપયોગીતા અંગે વિસ્તૃત માહિતી, માર્ગદર્શન અને જાણકારી આપી હતી. આ પ્રસંગે ગામના માજી સરપંચ અને સામાજિક કાર્યકર બિરેન પટેલે પ્રાસંગિક પ્રેરણાદાયી વક્તવ્ય રજુ કરી ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ આ કાર્યક્રમમાં વાંસદા તાલુકા પંચાયતના સભ્ય મહેશ ભાઈ રાઠોડનું ખેડૂતો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતુ

વિતરણ કાર્યક્રમ દરમિયાન ચાપલધરાના સરપંચ ચીમનભાઈ પટેલ, સહકારી આગેવાનો લક્ષ્મણભાઈ, જીતુભાઈ, જવાહર, પરભુ ભાઈ, રમેશ ભાઈ પટેલ તેમજ મોટી સંખ્યામાં ખેડૂતો અને મહિલાઓ હાજર રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સામાજિક કાર્યકર અને અગ્રણી ખેડૂત અનિલ કુમાર ભારતી દ્વારા કરવામાં આવ્યું જેમણે અનુ.જાતિના ખેડૂતો ખેતી તરફ આગળ વધી સ્વાવલંબી બને એવી અપીલ કરી હતી.

ચીખલીમાં ૬૦ સ્થળોએ કિસાન ઉત્સવ દિવસના કાર્યક્રમો યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

નવસારી, તા. ૨૯ : આગામી તા.૩૦મી ઓકટોમ્બરના રોજે પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૪મો હપ્તો વડાપ્રધાનની પ્રેરક ઉપસ્થિતિમાં બનાસકાંઠા ખાતેથી રિલીઝ કરવામાં આવશે. આ પ્રસંગે રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમ પીએમ કિસાન ઉત્સવ દિવસનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે નવસારીના ચીખલી દીનકર ભવન ખાતે જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત જલાલપોર, નવસારી, ગણદેવી, વાંસદા, ચીખલી અને ખેરગામ તાલુકાઓની કુલ ૩૦ જિલ્લા પંચાયત બેઠકદીઠ બે કાર્યક્રમો મળી કુલ ૬૦ જેટલા વિવિધ સ્થળોએ કાર્યક્રમો યોજાશે. જિલ્લાના ખેડુત પરિવારોને પીએમ કિસાન સન્માન નિધિ હેઠળ સહાય ડી.બી.ટી. (DBT) મારફત ચૂકવવામાં આવશે. તમામ સ્થળોએ વડાપ્રધાનના કાર્યક્રમનું જીવંત પ્રસારણ જીવંત પ્રસારણ કરવામાં આવશે. કાર્યક્રમોમાં મંત્રીઓ, સંસદ સભ્યો, જિલ્લા પંચાયતના પ્રમુખો, અન્ય પદાધિકારીઓ, અધિકારીઓ અને કૃષિ વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહેશે.

સ્થાનિક તંત્ર દ્વારા ખેડૂતોને પોતાના વિસ્તારના જિલ્લા પંચાયત સીટ દીઠ થનાર નજીકના કાર્યક્રમ સ્થળે સમયસર ઉપસ્થિત રહી કાર્યક્રમમાં સહભાગી થવા માટે અપીલ કરવામાં આવી છે. આ કાર્યક્રમોમાં સરકારની વિવિધ યોજનાઓનો લાભ મેળવનાર પ્રગતિશીલ ખેડૂતોને કૃષિ અને બાગાયત ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે તેમજ પ્રગતિશીલ ખેડૂતોનું સન્માન પણ કરાશે.

સુપ્રભાતમ્

આજનું પંચાગ

તા. ૩૦-૧૦-૨૦૨૬, **વાર :** શુક્રવાર **તિથિ :** આસો વદ, પાંચમ, **સૂર્યોદય :** ૦૬ : ૪૭ **સૂર્યાસ્ત** ૦૫ : ૫૯, **ચંદ્રોદય** - ૦૯:૫૩ **ચંદ્રાસ્ત** - ૧૨:૦૩ **ચંદ્ર રાશિ : મિથુન, નક્ષત્ર** - મૃગશીર્ષ

આજનું રાશિભવિષ્ય

મેષ (અ, લ, ઈ) : કાર્યક્ષેત્રમાં તમારી સ્થિતિ મજબૂત બનશે અને અટકેલા કામ પૂરા થશે પરિવારમાં કોઈ શુભ કાર્યક્રમનું આયોજન થઈ શકે છે.
વૃષભ (બ, વ, ઉ) : તમારા માટે આજનો દિવસ મિશ્રિત ફળદાયી રહેશે. વેપારમાં નવા સંપર્કો બનશે જે ભવિષ્યમાં ફાયદો કરાવશે.
મિથુન (ક, ઘ, ચ) : આજનો દિવસ પરિવારમાં સુખ-શાંતિ જળવાઈ રહેશે. તમારા માટે ઉર્જાવાન રહેશે. નોકરી કરતા લોકોને પ્રમોશન કે નવી જવાબદારી મળી શકે છે. આર્થિક લાભ થવાની પૂરી શક્યતા છે.
કર્ક (ડ, હ) : આજે તમારે તમારા ગુસ્સા પર નિયંત્રણ રાખવું પડશે. કોઈપણ નિર્ણય ઉતાવળમાં ન લેવો. આર્થિક બાબતોમાં સાવધાની રાખવી અને બિનજરૂરી ખર્ચ ટાળવો.
સિંહ (મ, ટ) : તમારા માટે આજનો દિવસ ખૂબ જ સારો રહેશે. શુક્રના ગોચરના પ્રભાવથી તમારી લોકપ્રિયતા અને આકર્ષણમાં વધારો થશે. કાર્યક્ષેત્રમાં તમારી મહેનત રંગ લાવશે.
કન્યા (પ, ઠ, ણ) : આજનો દિવસ તમારા માટે સાનુકૂળ છે. તમે કોઈ નવી પ્રોપર્ટી અથવા વાહન ખરીદવાનું વિચારી શકો છો. વેપારમાં સારો નફો મળવાની આશા છે. લવ લાઈફમાં રોમાન્સ વધશે.
તુલા (ર, ત) : આજે ભાગ્ય તમારો સાથ આપશે. લાંબા સમયથી અટકેલા સરકારી કામો પૂરા થઈ શકે છે. વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા માટેનો સારો દિવસ છે.
વૃશ્ચિક (ન, ય) : તમારા માટે આજનો દિવસ થોડો સંઘર્ષપૂર્ણ રહી શકે છે. કાર્યક્ષેત્રમાં કામનું ભારણ વધુ રહેશે, જેનાથી માનસિક થાક અનુભવાશે.
ધન (ભ, ધ, ફ, ઢ) : આજે તમને અચાનક ધનલાભ થવાની સંભાવના છે. પરિવાર સાથે સમય વિતાવવાની તક મળશે. વેપારીઓ માટે આજનો દિવસ નફાકારક રહેશે.
મકર (ખ, જ) : આજનો દિવસ તમારા માટે સામાન્ય રહેશે. વડીલોના આશીર્વાદથી તમારા કામ પૂરા થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનશે. વિદ્યાર્થીઓએ વધુ મહેનત કરવાની જરૂર છે.
કુંભ (ગ, સ, શ, ષ) : આજે તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. કાર્યક્ષેત્રે તમારી યોજનાઓ સફળ થશે. વેપારમાં નવું રોકાણ કરવા માટે આજનો દિવસ સારો છે.
મીન (દ, ચ, થ, ઝ) : આજે તમારું સ્વાસ્થ્ય થોડું નરમ-ગરમ રહી શકે છે. બિનજરૂરી માનસિક ચિંતાઓથી દૂર રહેવું. કાર્યક્ષેત્રે સાથીદારો સાથે વિવાદ થઈ શકે છે, તેથી વાણી પર સંયમ રાખવો। ધૈર્ય જાળવી રાખવું.

દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી

શુક્રવાર

સવારની પ્રથમ સભા : ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

સાંજે : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

સુડોકુ નં.૧૯

6	7	2	4				9	
		5	8					2
	9			6				
7	6		3					8
		9				4		
5					4		1	3
				8			3	
9					7	2		
	8				2	6	7	5

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

સુડોકુ નં.૧૮નો ઉકેલ

7	8	4	9	2	5	1	6	3
6	1	3	4	8	7	9	5	2
2	5	9	1	3	6	8	4	7
9	3	5	8	4	2	7	1	6
8	4	7	6	9	1	3	2	5
1	2	6	7	5	3	4	8	9
4	7	2	5	1	9	6	3	8
5	6	8	3	7	4	2	9	1
3	9	1	2	6	8	5	7	4

સ્થાનિક સમાચારો

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ

દમણથી મોદીને અપાયેલી ભેટોની ઓનલાઈન હરાજી શરુ

ડમરૂવાળા ત્રિશૂળની પ્રારંભિક બોલી ૧.૮૦ લાખ રૂપિયા, કન્વેન્શન સેન્ટરની ગોલ્ડન પ્રિન્ટ ફ્રેમની બોલી ૧.૨૦ લાખથી શરૂ થશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૨૯ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીને દેશભરમાંથી ભેટ આપવામાં આવેલા વિવિધ સ્મૃતિચિહ્નોની ઓનલાઈન હરાજી શરૂ થઈ છે. આ હરાજીમાં કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવમાંથી વડાપ્રધાનને ભેટ આપવામાં આવેલા અનેક સ્મૃતિચિહ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

પીએમ મેમેન્ટોઝની ઈ-હરાજી વેબસાઈટ પર દમણથી ભેટ આપવામાં આવેલા સ્મૃતિચિહ્નોની પ્રારંભિક બોલી નક્કી કરવામાં આવી છે. જેમાં ભાજપના મહામંત્રી જીગ્નેશ પટેલ દ્વારા વડાપ્રધાનને ભેટ આપવામાં આવેલું ડમરૂવાળું ત્રિશૂળ મુખ્ય આકર્ષણ છે. આ ત્રિશૂળની હરાજીની શરૂઆત ૧ લાખ ૮૦ હજાર રૂપિયાની બોલીથી થશે.

તેવી જ રીતે જિલ્લા પંચાયતના સભ્યો દ્વારા વડાપ્રધાનને ભેટ આપવામાં આવેલી કન્વેન્શન સેન્ટરની ગોલ્ડન પ્રિન્ટ ફ્રેમની પ્રારંભિક બોલી ૧ લાખ ૨૦ હજાર રૂપિયા રાખવામાં આવી છે. જ્યારે સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલ પટેલ દ્વારા વડાપ્રધાનને ભેટ આપવામાં આવેલી પર્યટનના લોગોવાળી તસવીરની પ્રારંભિક બોલી ૩૦ હજાર રૂપિયા નક્કી કરવામાં આવી છે. આ ઉપરાંત દીવના ઐતિહાસિક પાણીકોટા કિલ્લાને દર્શાવતી એમ્બ્રોઈડરી ફ્રેમનો પણ હરાજીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જેની પ્રારંભિક બોલી ૯૦ હજાર રૂપિયાથી શરૂ થશે.

દમણ-દીવ સહિત સમગ્ર સંઘપ્રદેશમાંથી વડાપ્રધાનને ભેટ આપવામાં આવેલા અન્ય સ્મૃતિચિહ્નો પણ આ ઓનલાઈન હરાજીમાં સામેલ છે. આ હરાજી ૧૦ નવેમ્બર સુધી ચાલુ રહેશે. રસ ધરાવતા લોકો પીએમ મેમેન્ટોઝની સત્તાવાર ઈ-હરાજી વેબસાઈટ પર જઈને બોલી લગાવી શકશે. આ સ્મૃતિચિહ્નો દ્વારા દમણ-દીવની સાંસ્કૃતિક વિરાસત, પર્યટન અને વિકાસની ઓળખ રાષ્ટ્રીય સ્તરે રજૂ થઈ રહી છે.

વાપી બજારમાં દિવાળી ટાંણે દબાણ હટાવો કામગીરીથી કચવાટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૯ : વાપીમાં સરદાર ચોકથી ઝંડા ચોક અને ગાંધી માર્કેટ પાછળના વિસ્તારમાં આજે સવારે મનપાની દબાણ હટાવો ટીમ મેદાને ઉતરી હતી. ફૂટપાથ પરના દબાણો દૂર કરવાની આ કામગીરીને લઈ વેપારીઓમાં ભારે અસંતોષ જોવા મળ્યો હતો.

મંદીના માહોલ વચ્ચે જ્યારે બજારમાં ખરીદી ધીમી છે. ત્યારે ટીમ બઝારમાં ફરી રહી હતી. ગાંધી માર્કેટ પછીના ખુલ્લા વિશાળ પાર્કિંગ પ્લેસમાં કેટલાક દુકાનદારોએ દબાણ કરીને ધંધો કરતા હોવાનું જણાતાં ટીમે તેમને હટાવ્યા હતાં. એક દુકાનદારનું દબાણ દૂર કર્યા બાદ તેણે સામે ગાંધી માર્કેટ પાછળની ગલીમાં દુકાનદારો દ્વારા ફૂટપાથ પર કરાયેલા દબાણ તરફ આંગળી ચીંધી હતી. તે ફરિયાદને પગલે ટીમે ત્યાં પણ જઈને તમામ દબાણો દૂર કરાવ્યા હતાં. જોકે દિવાળીના સમયે થયેલી આ કામગીરીથી નાના વેપારીઓમાં ભારે નારાજગી છે. સ્થાનિકો કહે છે કે ગાંધી માર્કેટ પાછળની ગલીમાં સામાન્ય રીતે વાહનોની અવરજવર રહેતી નથી, મોટાભાગે સમસ્યા મુખ્ય માર્ગ પર જ સર્જાય છે.તેથી વેપારીઓની માંગ છે કે મનપાએ મુખ્ય રસ્તા પર પાર્કિંગ પટ્ટાનો કડકાઈથી અમલ કરાવવો જોઈએ, જેથી ટ્રાફિકની સમસ્યા ઉકેલાય અને વેપાર પર પણ અસર ન પડે.

ધરમપુર સ્પેશિયલ કોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો

કપરાડાના તત્કાલીન PSI અને હે.કો.ને લાંચ કેસમાં 3 વર્ષની કેદ-દંડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૯ : ૧૪ વર્ષ અગાઉ પારડી તાલુકાના ઉદવાડા ગામના મોડ ફળિયામાં રહેતો વ્યક્તિએ ટેમ્પો વેચી દીધા પછી એ ટેમ્પો કપરાડા પોલીસે દારૂના ગુનામાં પકડતા ઉદવાડાના વ્યક્તિ સામે કપરાડા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના કેસમાં નામ ન જોડવા પેટે રૂા. ૬૦,૦૦૦ની લાંચ માંગવાના અને સ્વીકારવાના ચકચારી કેસમાં ધરમપુર સ્પેશિયલ કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. સ્પેશિયલ જજ એમ. એ. મિર્ઝાએ કપરાડા પોલીસ સ્ટેશનના તત્કાલીન પીએસઆઈ અબ્દુલ મજીદ અબ્દુલ હમીદ નાબદો તથા તત્કાલીન હેડ કોન્સ્ટેબલ ભૂપતસિંહ કેશવસિંહ સોલંકીને દોષિત ઠેરવી ત્રણ વર્ષની સાદી કેદ તેમજ રૂા.૧૨,૦૦૦ રોકડ દંડની સજા ફટકારી છે.

પ્રાપ્ત વિગત મુજબ પારડી તાલુકાના ઉદવાડા ગામના મોડ ફળિયામાં રહેતા અબ્દુલ્લાભાઈ લલ્લુભાઈ વજેરીયા દ્વારા વેચવામાં આવેલો ટેમ્પો કપરાડા પોલીસ મથકમાં દારૂના ગુનામાં પકડાયો હતો. આ ટેમ્પો હજુ ફરિયાદીના નામે બોલતો હોવાથી, દારૂના ગુનામાં તેમનું નામ ન ખોલવા તથા ધરપકડ ન કરવાના અવેજ પેટે કપરાડા પોલીસ મથકના તત્કાલીન પીએસઆઈ તથા તત્કાલીન હેડ કોન્સ્ટેબલ દ્વારા અવારનવાર ફોન કરી લાંચની માંગણી કરવામાં આવી હતી. જો લાંચ ન આપે તો ઘરેથી ઉઠાવી જઈ કેસમાં પૂરી દેવાની ધમકી પણ આપવામાં આવી હતી. જો કે લાંચની રકમ આપવા ન માંગતા ફરિયાદીએ વલસાડ લાંચરુશ્વત વિરોધી બ્યુરોનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવતાં એસીબીએ ગોઠવેલા છટકા દરમિયાન બંને પોલીસકર્મીઓ લાંચની રકમ સ્વીકારતા રંગેહાથ ઝડપાઈ ગયા હતાં.

જે અંગેનો કેસ ધરમપુર સ્પેશિયલ કોર્ટ સમક્ષ ચાલી જતાં, પબ્લિક પ્રોસિક્યુટર અનિલ ત્રિપાઠીની ધારદાર દલીલો, સાક્ષીઓ અને પુરાવાઓને માન્ય રાખી સ્પેશિયલ જજ શ્રી એમ.એ. મિર્ઝાએ બંને આરોપીઓને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ દોષિત જાહેર કરી ત્રણ વર્ષની સાદી કેદ અને ૧૨,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. કોર્ટે તત્કાલીન પીએસઆઈ અને હેડ કોન્સ્ટેબલને જેલની સજા થતાં પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે.

સેલવાસમાં ગર્ભવતી મહિલાના મોતથી વિવાદ

પરિવારના તબીબી બેદરકારીના આક્ષેપને હોસ્પિટલે ફગાવ્યા : નિષ્પક્ષ તપાસની માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સેલવાસ, તા. ૨૯ : સિલવાસાની નમો હોસ્પિટલમાં ગર્ભવતી મહિલાના મોત બાદ વિવાદ ઊભો થયો છે. પરિવારજનોએ નમો હોસ્પિટલ પર ગંભીર બેદરકારીના આક્ષેપ કર્યા છે, જ્યારે હોસ્પિટલ તંત્રએ તમામ તબીબી પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવ્યું હોવાની સ્પષ્ટતા કરી હતી. આ અંગે પ્રાપ્ત માહિતી પ્રમાણે ૨૬ વર્ષિય કાજલ સોનુકુમાર સિંહને ૨૯ ઓક્ટોબરની સવારે નમો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. દરમ્યાન માતા અને ગર્ભસ્થ બાળકના મોત થતાં પરિવારજનો અને હોસ્પિટલના તંત્ર વચ્ચે વિવાદ અને વિરોધાભાષી નિવેદનોથી ચકચાર મચી છે. કુટુંબીજનોના દાવા મુજબ કાજલને સામાન્ય ઉધરસની ફરિયાદ બાદ હોસ્પિટલ લઈ ગયા પછી તબીબોએ માત્ર પોણો કલાકમાં જ હૃદય બંધ થઈ જવાનું જણાવી વેન્ટીલેટર પર મુકી દીધી હતી અને પછી માતા તથા ગર્ભસ્થ બાળકને મૃત જાહેર કરી દીધા હતાં. વધુમાં પરિવારજનોને મૃતદેહ જોવાની મંજુરી આપ્યા વિના શબગૃહમાં મૃતદેહ મુકી દેવામાં આવ્યો હતો. ત્યારે પરિવારના કહેવા મુજબ મૃતક તથા ગર્ભસ્થ બાળકના શ્વાસ ચાલતા હોવાનું જણાયુ હતું અને હોસ્પિટલના સુત્રોની સ્પષ્ટતા મુજબ પરિવારજનો ત્યાથી મહિલાના મૃતદેહને અન્યત્ર મંજુરી વગર જ લઈ ગયા હતાં અને ફરીથી બપોરે હોસ્પિટલમાં લઈ આવ્યા હતાં. ત્યારે પણ તેમણે સમગ્ર કેસ અને સ્થિતિ સમજાવવામાં આવ્યા હતાં. હવે આ સમગ્ર પ્રકરણમાં પરિવારજનોના આક્ષેપો અને હોસ્પિટલની સ્પષ્ટતાઓ વચ્ચે સમગ્ર પ્રકરણની નિષ્પક્ષ તપાસ કરવી જરુરી કહેવાઈ રહી છે.

ગાડરિયાગામમાં પરણીતાએ આત્મહત્યા કરતાં તપાસ મંગાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તો. ૨૯ : વલસાડ તાલુકાના ગાડરિયા ગામના દાદરી ફળિયામાં રહેતી ૨૪ વર્ષીય પરિણીતાએ અગમ્ય કારણોસર પોતાનું જીવન ટૂંકાવી લેતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. બનાવની જાણ થતાં જ પિયર પક્ષમાં શોકનો માહોલ છવાયો છે, જ્યારે સાસરિયાના માનસિક અને શારીરિક ત્રાસના કારણે જ પરિણીતાએ આ આત્યંતિક પગલું ભર્યું હોવાના ગંભીર આક્ષેપો સાથે મામલો ગરમાયો છે.

વલસાડ તાલુકાના ગાડરિયા ગામના દાદરી ફળિયામાં રહેતા જીગરભાઈ પટેલની ૨૪ વર્ષીય પત્ની મેઘનાબેને પોતાના ઘરે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. આ ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતાં અને પોલીસને જાણ કરવામાં આવી હતી. દરમિયાન, દીકરીના મોતના સમાચાર મળતાં જ પિયર પક્ષના લોકો પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતાં. પિયર પક્ષે આક્ષેપ કર્યો છે કે લગ્નજીવન દરમિયાન મેઘનાબેનને સાસરી પક્ષ તરફથી સતત ત્રાસ આપવામાં આવતો હતો. આ ત્રાસ સહન ન થતાં આખરે તેમની દીકરીએ આત્મહત્યા કરી લેવાની ફરજ પડી છે. પિયરિયાઓએ આ સમગ્ર મામલે સ્થાનિક પોલીસ સમક્ષ નિષ્પક્ષ અને તટસ્થ તપાસની ઉગ્ર માંગ કરી છે. પરિણીતાના મોત પાછળ જવાબદાર સાસરિયાઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની રજૂઆત કરવામાં આવી છે. ઘટનાની જાણ થતાં પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પરિણીતાએ કયા સંજોગોમાં આ પગલું ભર્યું તે અંગે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી પિયર પક્ષના આક્ષેપોને આધારે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

કુંડી હાઈવે પર એસિડ ભરેલું ટેન્કર લીક

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૯ : દહેજથી એસિડ ભરીને વલસાડના અબ્રામા સ્થિત નાઈટ્રેક્સ કંપની તરફ જઈ રહેલું એક ટેન્કર વલસાડના કુંડી ફાટક નજીક અચાનક લીક થયું હતું. ટેન્કરમાંથી પીળા રંગનો ધુમાડો નીકળવા લાગતાં આસપાસના વિસ્તારમાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ટેન્કરમાંથી લીકેજ થવાની જાણ થતાં જ ચાલકે સમયસૂચકતા વાપરી ટેન્કરને વલસાડના કુંડી હાઈવે બ્રિજ પારના સર્વિસ રોડ પર રોકી દીધું હતું. ત્યારબાદ ચાલકે તાત્કાલિક વલસાડ ફાયર ફાઈટર અને નાઈટ્રેક્સ કંપનીના સંચાલકોને બનાવ અંગે જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં વલસાડ ફાયર ફાઈટરની ટીમ, બાલાજી કંપનીની ફાયર ટીમ તેમજ નાઈટ્રેક્સ કંપનીના ટેકનિશિયનો તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગયા હતાં. ફાયર જવાનો અને ટેકનિશિયનોએ સાથે મળીને લીકેજને કાબૂમાં લેવાની કામગીરી હાથ ધરી હતી. આ દરમિયાન ફાયર જવાનોએ સતત પાણીનો છંટકાવ કરીને એસિડની અસર અને ધુમાડાને ઘટાડવાનો સઘન પ્રયાસ કર્યો હતો, જેનાથી મોટી દુર્ઘટના ટળી હતી.

વલસાડમાં 'સ્વદેશી મેળા'નો પ્રારંભ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૯ : સ્થાનિક કારીગરો અને મહિલા ઉદ્યોગસાહસિકોને મળશે પ્રોત્સાહન મળે તે હેતુથી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તથા વલસાડ નગરપાલિકા દ્વારા નારીશક્તિ, સ્થાનિક કલા અને ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપવા તેમજ સ્થાનિક અર્થતંત્રને વધુ મજબૂત બનાવવાના હેતુથી 'સ્વદેશી મેળા (શોપિંગ ફેસ્ટિવલ)'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તા.૨૮ ઓક્ટોબરથી ૬ નવેમ્બર સુધી આ મેળો જાહેર જનતા માટે ખુલ્લો રહેશે. વડાપ્રધાનના 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરવાના હેતુથી આયોજિત આ મેળાનું ઉદ્ઘાટન વલસાડના ધારાસભ્ય ભરતભાઈ, નગરપાલિકા પ્રમુખ માલતીબેન ટંડેલ, વલસાડ જિલ્લા ભાજપ સંગઠનના કમલેશભાઈ પટેલ, ઉપપ્રમુખ આશુતોષ મિશ્રા, શાસક પક્ષના નેતા અલ્કાબેન દેસાઈ તેમજ અન્ય સામાજિક અગ્રણીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ મેળા દ્વારા સ્થાનિક કારીગરોને પોતાની સુષુપ્ત કળા અને કૌશલ્ય રજૂ કરવા માટે યોગ્ય મંચ મળે છે, આ સ્વદેશી મેળો સ્થાનિક મહિલા ઉદ્યોગસાહસિકો, નાના વેપારીઓ અને કારીગરોને પ્રોત્સાહન આપવા સાથે સ્થાનિક અર્થતંત્રને વેગ આપવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ છે. મોલ કે ઓનલાઈન ખરીદીના વિકલ્પ તરીકે સ્થાનિક સ્તરે તૈયાર થતી વસ્તુઓની ખરીદીને પ્રોત્સાહન આપવાની આ એક ઉત્તમ તક છે. 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી'ના સંકલ્પ સાથે સ્થાનિક ઉત્પાદનો ખરીદીને સ્વદેશી ચીજવસ્તુઓને પ્રોત્સાહન મળે.

ડુંગરા તળાવમાં મૃત માછલીઓ મળતાં ચિંતા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૯ : વાપી નજીક આવેલા ડુંગરા ગામના તળાવમાં અચાનક વિપુલ પ્રમાણમાં માછલીઓ મૃત્યુ પામી પાણીની સપાટી પર તરતી જોવા મળતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર અને ચિંતાનું મોજું ફરી વળ્યું છે. સવારના સમયે સ્થાનિક રહીશો તળાવ કિનારેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સેંકડોની સંખ્યામાં નાની-મોટી માછલીઓ મૃત હાલતમાં નજરે પડી હતી.માછલીઓના આ સામૂહિક મોત પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. કદાચ તળાવના પાણીમાં ઓક્સિજનનું સ્તર અચાનક ઘટી ગયું હોવાની પ્રબળ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ગ્રામજનોએ આ મામલે તાત્કાલિક પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને મનપાનું સ્થાનિક વહીવટી તંત્ર દ્વારામરણ પામેલ માછલી અને પાણીના નમૂના લઈ ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવે તેવી માંગણી ઉઠાવી છે.

વલસાડમાં મોપેડ ચોરનાર બે ડિલિવરી બોય ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૯ : વલસાડ રૂરલ પોલીસ મથકની હદમાંથી થોડા દિવસ અગાઉની ચોરી થવાની ઘટના બન્યા બાદ વલસાડ એલસીબી ટીમે ગણતરીના કલાકોમાં ચોરીની એક્ટિવા મોપેડ તથા મોબાઈલ ફોન સહિત કુલ ૫૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી મૂળ ઉત્તરપ્રદેશના બે આરોપીઓને ઝડપી લીધા છે.

વલસાડ જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજાની સુચના અને માર્ગદર્શન હેઠળ વલસાડ એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં ફરતી હતી તે દરમિયાન બાતમી મળતા પોલીસની ટીમે વલસાડના યુડીપી હોટલ પાસે બે શંકાસ્પદ ઈસમો માં જયેશ અશોકકુમાર ફરચંદે તેનુગુરીયા (ઉં.વ. ૨૩, હાલ રહે. મણીનગર સોસાયટી, મોગરાવાડી, વલસાડ, મૂળ રહે. શાહગંજ, આગ્રા, ઉત્તરપ્રદેશ) અને રાહુલ રામસ્વરૂપ નિર્મલ (ઉં.વ. ૩૬, હાલ રહે. મણીનગર સોસાયટી, મોગરાવાડી, વલસાડ, મૂળ રહે. સિંધી મહાવીરનગર, શાહગંજ, આગ્રા, ઉત્તરપ્રદેશ)ની પાસેથી નંબર વગરની ગ્રે કલરની હોન્ડા એક્ટિવા ૧૨૫ મોપેડ કિંમત ૪૦,૦૦૦ મોબાઈલ ફોન નંગ બે કિંમત ૧૦૦૦૦ મળી કુલ ૫૦,૦૦૦ રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતાં. પકડાયેલા બંને આરોપીની પોલીસે પૂછપરછ કરતાં તેમણે જણાવ્યું કે તેઓ 'મીશો' કંપનીમાં પાર્સલ ડિલિવરી કરવાનું કામ કરે છે. તેઓ હરીયા રામજી ફળિયા માં એક ગ્રાહકના ઘરે પાર્સલ ડિલિવર કરવા ગયા હતાં, ત્યારે ઘરની બહાર પાર્ક કરેલી હોન્ડા એક્ટિવા મોપેડમાં ચાવી લાગેલી જોવા મળી હતી. જેથી બંનેએ ચોરીનો પ્લાન બનાવી આસપાસમાં અન્ય પાર્સલ ડિલિવર કરી પરત આવી મોપેડની ચોરી કરી લીધી હતી. ચોરી કરેલી મોપેડ કોઈ ઓળખી ન શકે તે માટે બંને સાઈડના કાચ તથા નંબર પ્લેટ કાઢી નાખી વલસાડ સ્ટેશન રોડ પર પાર્ક કરી દીધી હતી. મોપેડ ચોરીમાં પકડાયેલા બંને આરોપીઓની પૂછપરછ ચાલી રહી છે.

અનાવિલ અવસાન-પ્રાર્થનાસભા



સ્વ.ડો.ઉપેન્દ્રભાઈ કે.દેસાઈ
સ્વ.તા.૨૭-૧૦-૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા સ્વજન **ડો.ઉપેન્દ્રભાઈ કે.દેસાઈ**નું **તા.૨૭-૧૦-૨૦૨૬**ને **મંગળવાર**ના રોજ **દુઃખદ અવસાન** થયેલ છે.

સદ્ગતના આત્માની શાંતિ અર્થે પ્રાર્થનાસભા
તા.૦૧-૧૧-૨૦૨૬ને રવિવારના રોજ બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન સિનીયર સિટીઝન હોલ, વાપી ટાઉન પોલીસ સ્ટેશનની બાજુમાં, નહેરૂ સ્ટ્રીટ, વાપી (વેસ્ટ) મુકામે રાખેલ છે.

લિ.
સુધાબેન ઉપેન્દ્રભાઈ દેસાઈ (પત્ની)
પ્રિતી-ડો.ચેતન (પુત્રવધુ-પુત્ર)
નેહા-જતીન (પુત્રવધુ-પુત્ર)

નેમિનાથ ટ્રેડર્સ

ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 /
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential
VIDYA DHAM INTERNATIONAL SCHOOL • VAPI •
LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount
Till 31st March
FREE Textbooks
From Nursery to Std 10
Special Concession
On Admission Fees

Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10

Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

આકાશમાં 'લીલો તારો' જોયો છે?

આપણે અંધારી રાત્રે કોઈ અનુકુળ જગ્યાએથી આકાશદર્શન કરીએ તો આકાશમાં આપણને અનેક તારાઓ જોવા મળે. જો આપણી આંખ અંધકાર અનુકુલન સાધી શકી હોય તો આપણે એને વધારે સ્પષ્ટ રીતે જાઈ શકીએ અને એના રંગો પણ જાઈ શકીએ. ત્યારે આપણને કોઈ તારો લાલ તો કોઈ સફેદ કે કોઈ ભૂરો જાવા મળે. ટેલિસ્કોપ કે બાઈનોકયુલર્સથી તો તારાઓ સુંદર ,સ્પષ્ટ અને તેજસ્વી રંગછટા સાથે જોઈ શકીએ.પણ આપણે કયારેય લીલો તારો આકાશમાં પ્રકાશતો જાયો નહીં હોય. હવે ઈંગ્લેન્ડની વોરવિક યુનિવર્સિટીના ખગોળવિજ્ઞાનીઓએ તાજેતરમાં એક સંશોધન પત્ર પ્રકાશિત કર્યુ અને એવું જાહેર કર્યુ કે, તેમણે આકાશમાં પ્રથમવાર લીલો તારો અધિકૃત રીતે નોંધ્યો છે. આ ખગોળશાસ્ત્રીઓએ ઉત્તર દિશામાં ધ્રુવ તારામંડળની આસપાસના સપ્તર્ષિ અને લઘુસપ્તર્ષિ તારામંડળની વચ્ચેના એક પ્રમાણમાં ઝાંખા તારામંડળ કાલિય (ડ્રેકો)માં આપણાથી લગભગ ૨૮૦ પ્રકાશવર્ષ દૂર આવેલા ડબલ્યુડી જે ૧૩૩૦ + ૬૪૩૫ નામના સફેદ વામન તારાનો અભ્યાસ કર્યો ત્યારે તેમણે જોયું કે, આ સફેદ વામન તારો લીલો રંગે ધરાવે છે. આ સંશોધકો ન્યુ મેકિસકોમાં આવેલા ટેલિસ્કોપના ડેટાનો ઉપયોગ કરીને સફેદ વામન તારાઓનો અભ્યાસ કરી રહ્ના હતાં. તેમણે પૃથ્વીથી ૬૫ પ્રકાશવર્ષના સરેરાશ અંતરે આવેલ ૧૫૧ જેટલાં એવા તારાઓનો અભ્યાસ હાથ ધર્યો હતો. હકીકતમાં સફેદ વામન તારા એ સૂર્ય જેવા કોઈ તારાનો મૃતદેહ જ ગણી શકાય. અને આપણી આકાશગંગામાં જ આવા દસેક લાખ સફેદ વામન તારાઓ હોવાનો અંદાજ છે. એક સમયે તો એમ જ મનાતું કે જયારે તારો મરે ત્યારે એ આવી સ્થિતિને જ પ્રાપ્ત કરે. તેથી ડો. એસ. ચંદ્રશેખરના સંશોધનને પણ ગ્રહણ લાગી ગયું હતું.

આપણાથી લગભગ ૧૫ કરોડ કિલોમીટર દૂર રહેલો સૂર્ય એક મધ્યમ વયનો અને 'જી' વર્ગનો પીળા રંગનો તારો છે. જે લગભગ પાંચ અબજ વર્ષથી અને દર સેકન્ડે ૬ લાખ ટન જેટલા હાઈડ્રોજનને હિલિયમમાં રૂપાંતરિત કરીને પ્રચંડ ઊર્જા છૂટી કરતો રહે છે અને એ જ રીતે હજી લગભગ એટલાં જ વર્ષનું આયુષ્ય એનું બાકી છે. જયારે સૂર્યના પેટાળમાં રહેલું ઈંધણ એટલે હાઈડ્રોજન ખલાસ થશે ત્યારે ગુરુત્વીયપતનને કારણે એની કોર સંકોચાશે અને સૂર્યનો બહારનો ભાગ ફુલવા લાગશે ત્યારે એ લાલ વિરાટ તારો બની કદાચિત પૃથ્વી અને મંગળ સુધીના ગ્રહોને ઓહિયાં કરી જશે. ગુરુ, શનિ જેવા ગ્રહોને પણ એ વિખેરી નાંખશે. લાલ વિરાટ તારો બની એ એના દ્રવ્યને અવકાશમાં ફેંકી દેશે પછી બચેલો ઠળિયા જેવો ભાગ સંકોચાઈને સાવ નાનો લગભગ પૃથ્વી જેવડો રહી જઈને સફેદ વામન બની રહેશે. એ સમયે એના એક ચમચી જેટલાં દ્રવ્યનું વજન પણ લાખ્ખો ટન હોઈ શકે. સૂર્ય જેવાં મોટા ભાગના તારાઓ આ રીતે સફેદ વામન બનીને મૃત્યુ પામે છે. તારાઓના જીવન અને મૃત્યુની કથા પણ ભારે રોમાંચક અને રસપ્રદ છે. ખગોળશાસ્ત્રી માર્ક હોલેન્ડસ અને બોરીસ ગેન્સિકની આગેવાનીવાળી સંશોધકોની ટીમ તારાની આવી અવસ્થાનો અભ્યાસ કરી રહી હતીં. આ સફેદ વામન તારાઓ જેવા મૃત તારાઓ પૃથ્વી પરથી સીધા જોવા ખુબ દુષ્કર છે. ત્યારે કાલિય તારામંડળમાં રહેલો સફેદ વામન તારો લીલા રંગનો છે એ આ ખગોળ વૈજ્ઞાનિકોએ કેવી રીતે નક્કી કર્યુ એ જાણવું રસપ્રદ છે.

આકાશમાં દેખાતા તારાઓના જુદા જુદા રંગો એની સપાટીના તાપમાનના કારણે દેખાતાં હોય છે. જેમ કે વૈજ્ઞાનિકોએ કરેલા વર્ગીકરણ પ્રમાણે તેઓને ઓ,બી, એ, એફ, જી, કે, એમ જેવા વર્ગોમાં વહેચવામાં આવેલા છે. અને એ વર્ણપટ પરની વિવિધ તરંગ લંબાઈ મુજબ એમના વધતા કે ઓછા તાપમાન મુજબ ભૂરા,ભૂરા-વાદળી, ભૂરા-સફેદ, સફેદ, પીળા, નારંગી કે લાલ જેવા રંગ દર્શાવે છે. જેમાં લાલ રંગ ધરાવતા તારાઓની સપાટીનું તાપમાન ઓછુ હોય છે જયારે સફેદ કે ભૂરા રંગ ધરાવતા તારાઓની સપાટીનું તાપમાન વધારે હોય છે. પણ સરળ રીતે સમજવું હોય તો એમ કહી શકાય કે યુવાન તારાઓ ગરમ,

સાયન્સ કોર્નર
- વિકાસ ઉપાધ્યાય

તેજસ્વી અને વાદળી રંગના હોય છે. જેમ જેમ તેનું બળતણ ખલાસ થતું જાય તેમ એ ઠંડા પડતાં જાય તેથી એ પછી વાદળીમાંથી સફેદ દેખાવા માંડે અને સપાટીનું તાપમાન હજુ ઘટતું જાય તેમ એ પીળા, નારંગી કે લાલ રંગના આપણને દેખાય. જો કે રાત્રે તારાઓ જોઈએ ત્યારે આપણને મોટે ભાગે તો તારાઓ સફેદ જેવા જ દેખાય છે. કારણ કે આપણી આંખ સુધી પહોચતો તારાનો પ્રકાશ એટલો નબળો હોય છે કે તે રંગો ઓળખવામાં મદદ કરતાં આપણી આંખોના નેત્રપટલના શંકૂકોષોને (કોન્સ) ઉત્તેજીત કરી શકતો નથી. તારાઓમાંથી આવતો પ્રકાશ એક જ રંગનો નહી પણ રંગોના વર્ણપટના મિશ્રણમાં હોય છે. આથી આપણી આંખ એક સાથે આ રંગોને જુએ છે. તેથી મોટે ભાગે એ સફેદ તરીકે દેખાય છે. એમ જો કોઈ તારો લીલા રંગની તરંગલંબાઈમાં પ્રકાશ છોડતો હોય તો પણ લીલા રંગના તારા વાસ્તવમાં પ્રત્યક્ષ જોવા મળતાં નથી. કાલીય તારામંડળનો આ લીલા રંગનો નોંધાયેલો સફેદ વામન તારો આપણે એ રીતે પ્રત્યક્ષ જોઈ શકવાના નથી.પણ શ્વેત વામન તારાઓની બાબતમાં બને છે એવું કે, એ મૃત તારાની સપાટી પર હવે એની આસપાસ ફરતાં એના ગ્રહમંડળના ગ્રહો-શુદ્રગ્રહો,ખડકો વગેરેનો ભંગાર કે અવશેષો જેવા પદાર્થો કે દ્રવ્યોનું એના પર પતન થવા લાગે છે કે પડવા માંડે છે. ત્યારે આ ભંગારમાં કે એના વાતાવરણમાં સોડિયમ, કેલ્શિયમ, હિલિયમ જેવા તત્વોનું પ્રમાણ વધુ થઈ જાય છે. સામાન્ય તારામાં સોડિયમ, નારંગી કે લાલ રંગને શોષી લે છે પણ સફેદ વામન તારાના કિસ્સામાં દ્રવ્યની અતિશય ઘનતાને કારણે અને એના વાતાવરણના રાસાયણિક બંધારણ મુજબ સોડિયમના પરમાણુઓ સાથે એ કેવી રીતે વર્તે છે એના આધારે એ પીળા, નારંગી કે લાલ પ્રકાશની વિશાળ શ્રેણીને શોષી લે છે. કેલ્શિયમ, જાંબલી પ્રકાશને શોષી લે છે. તેથી તારામાંથી બહાર નીકળતાં પ્રકાશનું સંતુલન ખોરવાય છે. જેને કારણે માનવ આંખ જેને લીલો રંગ કહે છે એવા શુદ્ધ લીલા રંગનો નહીં પણ પીળાશ પડતા લીલા રંગની તરંગલંબાઈનો ચાર્ટેયુઝ તરીકે ઓળખાવાતો પ્રકાશ બહાર બચે છે. આ રંગ આપણે સીધેસીધો જોઈ શકતાં નથી. સંશોધકોએ એ વાત તારાના પ્રકાશના વર્ણપટનું વિશ્લેષણ કરીને તથા ખાસ મોડેલનો ઉપયોગ કરીને માનવ આંખ જ્યારે જો એને જુએ ત્યારે એને કેવો રંગ દેખાશે તે નક્કી કર્યું હતું અને એ રીતે કાલિય (ડ્રેકો) તારામંડળનો સફેદ વામન તારો લીલા રંગનો તારો છે એમ નક્કી કર્યું હતું. આ સંશોધકોએ એ પણ જોયું કે સફેદ વામન તારાના એવા રંગો તેના વાતાવરણના રાસાયણિક બંધારણ સાથે બદલાય છે. જે સફેદ વામન તારામાં કાર્બન વધારે હોય તે ગુલાબી અથવા જાંબલી દેખાઈ શકે છે. જ્યારે નીચા તાપમાનવાળા મિશ્ર હાઈડ્રોજન અને હિલિયમ ધરાવતાં હોય એવામાં એ વાદળી , આછો વાદળી કે પીળો દેખાય શકે છે. જેમ કે સિંહિકા તારામંડળ (લિયો માઈનોર)માં ડબલ્યુડી જે ૧૦૧૧+૨૮૪૫ નામનો સફેદ વામન તારો ગુલાબી રંગનો જણાયો હતો. આપણા સૂર્યનું ઈંધણ હાઈડ્રોજન ખતમ થશે ત્યારે એ હિલિયમ પણ વાપરીને કાર્બન અને પછી થોડો ઓક્સિજન બનાવશે એ પછી બીજા તત્વો બનાવી શકવાની ક્ષમતા સૂર્ય પાસે નહીં હોય એટલે એ કાર્બન -ઓક્સિજન ધરાવતો સફેદ વામન તારો બની રહેશે. આમ આવા સફેદ વામન તારાઓનો અભ્યાસ તારાઓના અવશેષોનું રસાયણશાસ્ત્ર અને તેના ગ્રહમંડળ, એના બંધારણ વિશે પણ જાણકારી આપી શકે છે.બ્રહ્માંડમાં આંતર તારાકીય ધૂળ અને વાયુઓ ધરાવતી નિહારિકાઓમાંથી તારાઓ જન્મે, વિકસે અને મૃત્યુ પામે એ આખી તારાઓની જીવન પ્રક્રિયા ખૂબ રસપ્રદ છે. પ્રથમવાર ઉત્તરીય આકાશના કાલિય તારામંડળમાં આવેલા સફેદ વામન તારા ને એ લીલા રંગનું હોવાનું નક્કી થયું હોય પણ એ આપણે પ્રત્યક્ષ જોઈ શકવાના નથી. અલબત ખગોળશાસ્ત્રીઓ ક્યારેક દ્વિસંગી તારાઓના અવલોકન દરમિયાન કોઈ લાલ રંગના તારા પાસે ભૂરો કે સફેદ તારો હોય તો એ હળવો લીલો દેખાય શકે છે એમ માને છે. પણ આકાશમાં જેમ સફેદ, ભૂરાં, વાદળી, નારંગી કે લાલ રંગના હોય એવા તારાઓ જોઈ શકીએ એમ પૃથ્વી પરથી ટેલિસ્કોપ મારફતે લીલા રંગનો તારો જોઈ શકીએ નહીં. કાલીય તારા મંડળમાં લીલા રંગના સફેદ વામન તારાને પ્રથમવાર અધિકૃત રીતે નોંધનારા ખગોળવિજ્ઞાની સિમોન હોલેન્ડસે તેથી જ કહે છે કે- 'બ્રહ્માંડ ક્યારેક એટલું જ વિચિત્ર હોઇ શકે છે જેટલું વિજ્ઞાન સાહિત્ય કંઈ પણ કલ્પના કરી શકે છે.'

સલવાવમાં ઈસરોના વિજ્ઞાન પ્રદર્શનનો ૮ હજારથી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો

સાયન્સ કોર્નર ડેસ્ક
દમણગંગા ટાઈમ્સ, વાપી

વાપી નજીક સલવાવ સ્થિત શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર સંચાલિત ભાવનાબેન નાનુભાઈ બાંભરોલીયા સ્વામિનારાયણ ફાર્મસી કોલેજ ખાતે સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટર (એસએસી), ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો), અમદાવાદના સહયોગથી તા. ૨૬ અને ૨૭ ઑક્ટોબરના રોજ બે દિવસીય 'વિક્રમ સારાભાઈ અવકાશ પ્રદર્શન'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં સલવાવ અને વાપી સહિત આસપાસની વિવિધ શાળાઓના ૮ હજારથી વધુ વિદ્યાર્થીઓ, શાળાના આચાર્યો, શિક્ષકો, વાલીઓએ ભાગ લઈ અવકાશ વિજ્ઞાન અને ટેક્નોલોજીની અદ્યતન સિદ્ધિઓ વિશે જાણકારી મેળવી હતી. આ પ્રદર્શનના આયોજનમાં શ્રી સ્વામીનારાયણ શિક્ષણ સેવા કેન્દ્રના સંચાલકો ઉપરાંત ઈસરોના સ્પેસ એપ્લિકેશનના વૈજ્ઞાનિકોએ જહેમત ઉઠાવી હતી.

પ્રદર્શનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવાની સાથે સંચાર, નેવિગેશન, પૃથ્વી નિરીક્ષણ, હવામાનની આગાહી, કૃષિ અને આપત્તિ વ્યવસ્થાપન સહિતનાં વિવિધ ક્ષેત્રોમાં અવકાશ ટેક્નોલોજીના ઉપયોગ અંગે જાગૃતિ ફેલાવવાનો હતો.

પ્રદર્શનમાં ઈસરોના પીએસએલવી, જીએસએલવી, એલવીએમ-૩ અને એસએસએલવી સહિતનાં પ્રક્ષેપણ યાનોનાં મોડેલ રજૂ કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત આર્યભટ્ટ, ચંદ્રયાન, મંગળયાન, આદિત્ય-એલ૧ અને ગગનયાન જેવા મહત્વપૂર્ણ અવકાશ મિશનોને લગતી પ્રતિકૃતિઓ અને માહિતીપ્રદ પ્રદર્શનો વિદ્યાર્થીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં.

ઈસરોના વૈજ્ઞાનિક-ઈજનેર રવિ કુમાર વર્માએ અવકાશ

આર્યભટ્ટ, ચંદ્રયાન, મંગળયાન, આદિત્ય-એલ૧ અને ગગનયાન જેવા મહત્વપૂર્ણ અવકાશ મિશનોને લગતી પ્રતિકૃતિઓ વિદ્યાર્થીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની હતા

સંશોધન, વૈજ્ઞાનિક સિદ્ધિઓ અને ભવિષ્યમાં વિજ્ઞાનના ક્ષેત્રમાં કારકિર્દી ઘડવાની તકો અંગે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ઈસરોની ટીમે વિદ્યાર્થીઓ સાથે પોતાના અનુભવો અને જ્ઞાનની આપ-લે કરીને પ્રદર્શનને જ્ઞાનવર્ધક બનાવ્યું હતું. વિશેષમાં આ આયોજનમાં જે વિદ્યાર્થી સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક જવાબદારી નિભાવી હતી. તેમની મહેનત, સમર્પણ અને ટીમવર્કની પ્રશંસા કરીને સ્મૃતિચિહ્નો તથા પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના સમાપન પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ. સચિન બી. નારખેડેએ ઈસરોના રવિ કુમાર વર્મા અને તેમની સમગ્ર ટીમનો અમૂલ્ય જ્ઞાન, માર્ગદર્શન અને સહયોગ બદલ સંસ્થા તથા કોલેજ વતી આભાર વ્યક્ત કર્યો હતો. જ્યારે એસોસિયેટ પ્રોફેસર નેહા એસ. વડગામાએ આભારવિધિ રજૂ કરી હતી. કાર્યક્રમના સુચારુ આયોજનમાં આસિસ્ટન્ટ પ્રોફેસર વિધિ પટેલ અને જયોતિ યુ. પંડ્યાએ પણ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

આ પ્રસંગે સંસ્થાના સ્થાપક પરમ પૂજય પુરાણી સ્વામી કેશવચરણદાસજી, મેનેજિંગ ટ્રસ્ટી પરમ પૂજય પુરાણી સ્વામી કપિલજીવનદાસજી, પૂજય રામસ્વામીજી, પૂજય હરિસ્વામીજી, ટ્રસ્ટી બાબુભાઈ સોડવડીયા, ટ્રસ્ટીગણ, કેમ્પસ એકેડેમિક ડિરેક્ટર પ્રોફેસર ડૉ. શૈલેષ વી. લુહાર, આચાર્ય ડૉ. સચિન બી. નારખેડે તથા સંસ્થાના વિવિધ વિભાગોના આચાર્યો અને સ્ટાફ આ જ્ઞાનવર્ધક કાર્યક્રમની સફળતા બદલ સૌને અભિનંદન પાઠવ્યાં હતાં. ઈસરોના સહયોગથી યોજાયેલા આ પ્રદર્શને વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન, સંશોધન અને અવકાશ ટેક્નોલોજી પ્રત્યે નવી જિજ્ઞાસા જગાવી હતી. સલવાવ ખાતે યોજાયેલું આ આયોજન વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી અને યાદગાર શૈક્ષણિક અનુભવ બની રહ્યું હતું.

ભારતની રાજી દોશી 'અમેરિકાની ટોપ યંગ સાયન્ટિસ્ટ' બની

સાયન્સ કોર્નર ડેસ્ક
દમણગંગા ટાઈમ્સ, વાપી

અમેરિકાના કનેક્ટિકટમાં રહેતી ભારતીય મૂળની રાજી દોશીએ દેશની જાણીતી ૩૫ યંગ સાયન્ટિસ્ટ ચેલેન્જ-૨૦૨૬ જીતી છે. રાજીએ સમુદ્રના પાણીમાં વધતી એસિડિટી ઘટાડવા માટે શેવાળ અને કુદરતી ખનિજનો ઉપયોગ કરતી પ્રાયોગિક પદ્ધતિ વિકસાવી છે. આ પ્રયોગનો હેતુ પાણીની રાસાયણિક સ્થિતિ સુધારીને દરિયાઈ જીવસૃષ્ટિને થતું નુકસાન ઘટાડવાનો છે.આ સિદ્ધિ બદલ રાજીને અમેરિકાની ટૉપ યંગ સાયન્ટિસ્ટનો ખિતાબ અને .૨૫,૦૦૦નું ઈનામ મળ્યું છે.સ્પર્ધામાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને નિષ્ણાત વૈજ્ઞાનિકોનું માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

એઆઈ સાયબર ક્રિમિનલ્સ માટે હથિયાર બન્યું

સાયન્સ કોર્નર ડેસ્ક
દમણગંગા ટાઈમ્સ, વાપી

વિશ્વભરની સુરક્ષા એજન્સીઓ અને આઈટી નિષ્ણાતો માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. આટફિશિયલ ઈન્ટેલિજન્સ હવે માત્ર કમ્પ્યુટર કોડિંગ કે કન્ટેન્ટ લખવા પૂરતું મર્યાદિત નથી રહ્યું, પરંતુ તેનો ઉપયોગ સ્વાયત્ત હેકિંગ માટે થવા લાગ્યો છે. વૈશ્વિક અહેવાલ મુજબ, એક જ હેકરે એઆઈ 'એજન્ટ્સ'ની ફોજ ઊભી કરીને અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને જાપાનની ૧૦૦થી વધુ અગ્રણી કંપનીઓના સર્વરમાં સફળતાપૂર્વક ગાબડું પાડ્યું છે.સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આ મિશન માટે હેકરે કોઈ મોટા ટેકનિકલ નેટવર્ક કે કરોડો રૂપિયાના ફંડિંગની જરૂર પડી નહોતી. માત્ર ૫,૦૦૦ ડોલર (આશરે રૂ. ૪.૨૦લાખ) કિંમતના એઆઈ કમ્પ્યુટિંગ ટોકન્સ' વાપરીને આટફિશિયલ ઈન્ટેલિજન્સ મોડેલ્સને સક્રિય કરવામાં આવ્યા હતા. આ એઆઈ બાટ્સે જાતે જ કંપનીઓના કમ્પ્યુટર સિસ્ટમમાં રહેલી ખામીઓ શોધી, પોતાની ભૂલો જાતે સુધારી અને મશીનની ઝડપે ૧,૦૦૦થી વધુ સર્વર પર હુમલા કર્યા. સરેરાશ ગણતરી કરીએ તો, માત્ર રૂ. ૪,૨૦૦ (ઇં૫૦) ના નજીવા ખર્ચે એક મોટું કમ્પ્યુટર સર્વર હેક થઈ ગયું. વૈશ્વિક રિસર્ચ સંસ્થા 'સાયબર સિક્યુરિટી વેન્ચર્સ'ના ડેટા અનુસાર, સાયબર ક્રાઈમના કારણે વિશ્વની અર્થવ્યવસ્થાને વાષક ૧૦.૫ ટ્રિલિયન ડોલર (આશરે રૂ.૮૮૦ લાખ કરોડ) નું નુકસાન થઈ રહ્યું છે.

જો સાયબર ગુનાખોરીને એક દેશ ગણવામાં આવે, તો તે અમેરિકા અને ચીન પછી વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જાય એટલું મોટું સામ્રાજ્ય ધરાવે છે.

અમદાવાદમાં નોબેલ પારિતોષિકો અંગે રવિવારે વ્યાખાનો

સાયન્સ કોર્નર ડેસ્ક
દમણગંગા ટાઈમ્સ, વાપી

અમદાવાદ સ્થિત યુનિવર્સ સાયન્સ ફોરમ દ્વારા અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનના સહયોગમાં નોબેલ પારિતોષિકો અંગેની તેમની ૧૧મી વ્યાખ્યાનમાળામાં વર્ષ ૨૦૨૬ના શરીર વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાનના નોબેલ પારિતોષિકો મેળવનાર વૈજ્ઞાનિકો અને તેમના કાર્ય તથા મહત્વ વિશે વ્યાખ્યાન યોજાશે. અર્થશાસ્ત્રના નોબેલ અંગે પણ વ્યાખ્યાનનું આયોજન છે. આ વ્યાખ્યાનો ડો. દુર્ગેશ મોદી, ડો. સંદિપ ઓઝા, ડો. ઉમા હરિક્રિશ્નન અને ડો આત્મન શાહ દ્વારા રવિવારે તા. ૧ નવેમ્બરના રોજ સવારે ૧૦ કલાકે અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનના કોમ્પલેક્ષમાં આવેલા અટીરા કેમ્પસ ખાતે યોજાશે.

રાનકુવા શાળાના 'બાયોચાર' પ્રોજેક્ટની રાજ્ય કક્ષાએ પસંદગી

સાયન્સ કોર્નર ડેસ્ક
દમણગંગા ટાઈમ્સ, વાપી

શ્રી રાનકુવા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રી બી.એલ.પટેલ સર્વ વિદ્યામંદિર, રાનકુવાની વિદ્યાર્થીનીઓએ વિજ્ઞાન ક્ષેત્રે વધુ એક નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ભારત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના NCSTC નેટવર્ક હેઠળ યોજાતી ૩૨મી રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ-૨૦૨૬ અંતર્ગત શાળાનો 'Biochar: Waste to Wonderland' નામનો વિજ્ઞાન પ્રોજેક્ટ રાજ્ય કક્ષાની રજૂઆત માટે પસંદ થતાં શાળા પરિવારમાં આનંદની લાગણી પ્રસરી છે.

નવસારી જિલ્લામાંથી કુલ ૫૭ વિજ્ઞાન પ્રોજેક્ટસ ઓનલાઈન રજૂ થયા હતા. તેમાંથી સિનિયર વિભાગના ૧૩ અને જુનિયર વિભાગના ૧૧, એમ કુલ ૨૪ પ્રોજેક્ટસ જિલ્લા કક્ષાની રજૂઆત માટે પસંદ કરવામાં આવ્યા હતા. તેમાં સિનિયર વિભાગના ૧૩ પસંદગી પામેલા પ્રોજેક્ટસમાં રાનકુવા શાળાના ચાર પ્રોજેક્ટસનો સમાવેશ થયો હતો. ત્યારબાદ તા.૧૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ વિદ્યાકુંજ હાઈસ્કૂલ, નવસારી ખાતે યોજાયેલી જિલ્લા કક્ષાની પ્રોજેક્ટ રજૂઆતમાં શાળાના ચાર પ્રોજેક્ટસ રજૂ કરવામાં આવ્યા હતા. તેમાંથી ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થીનીઓ મિત્તલબેન જીતુભાઈ પટેલ અને ઊર્જા દિલીપભાઈ પટેલ દ્વારા રજૂ કરવામાં આવેલા 'Biochar: Waste to Wonderland' પ્રોજેક્ટની રાજ્ય કક્ષાની રજૂઆત માટે પસંદગી કરવામાં આવી છે. વિભાગ નંબર-4 'Food, Agriculture and Health'અંતર્ગત તૈયાર કરાયેલા આ પ્રોજેક્ટમાં કૃષિ કચરાને બાળીને પ્રદૂષણ ફેલાવવાને બદલે તેનું મૂલ્યવર્ધન કરીને બાયોચારમાં રૂપાંતરિત કરવાની વૈજ્ઞાનિક પદ્ધતિ રજૂ કરવામાં આવી છે. બાયોચારનો ઉપયોગ જમીનની ગુણવત્તા સુધારવા, જમીનમાં પાણી ધારણ કરવાની ક્ષમતા વધારવા તથા કૃષિ કચરાના પુનઃઉપયોગ દ્વારા ટકાઉ ખેતીને પ્રોત્સાહન આપવા માટે કેવી રીતે થઈ શકે તે પ્રાયોગિક રીતે સમજાવવામાં આવ્યું છે.

શ્રી બી.એલ.પટેલ સર્વ વિદ્યામંદિર, રાનકુવા ખાતે ધોરણ ૯થી ૧૨ના કુલ ૧૮ વર્ગોમાં આશરે ૧,૪૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. છેલ્લા દસ વર્ષથી વિજ્ઞાન ક્ષેત્રે શાળાના વિદ્યાર્થીઓએ જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ પોતાની પ્રતિભા પુરવાર કરી શાળાનું નામ રોશન કર્યું છે. અનેક બાળ વૈજ્ઞાનિકોએ સંશોધનાત્મક અભિગમ, નવીન વિચારો અને પ્રાયોગિક પ્રસ્તુતિના આધારે નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. આ પોજેક્ટની સફળતામાં શાળાના આચાર્ય સંજયસિંહ ડી.પરમારના માર્ગદર્શન તથા માર્ગદર્શક શિક્ષિકા ખ્યાતી ધનસુખલાલ પટેલના મહત્ત્વપૂર્ણ યોગદાન સાથે વિદ્યાર્થીનીઓની મહેનત, જિજ્ઞાસા અને વૈજ્ઞાનિક અભિગમનો ફાળો રહ્યો છે.

ભૌતિકશાસ્ત્રી અશોક સેન 'ઓસ્કર કલેન એવોર્ડ' જીતનારા પ્રથમ ભારતીય બન્યા

સાયન્સ કોર્નર ડેસ્ક
દમણગંગા ટાઈમ્સ, વાપી

ભારતના જાણીતા વૈજ્ઞાનિક અને પ્રોફેસર અશોક સેનને વિશ્વનો પ્રતિષ્ઠિત ઓસ્કર ક્લેન મેડલ ૨૦૨૬ મળ્યો છે. તેની સાથે આ સન્માન મેળવનારા તે પ્રથમ ભારતીય વૈજ્ઞાનિક બન્યા છે. બેંગ્લુરુના થિયોરેટિકલ ફિઝિસિસ્ટ અશોક સેન ભારતના ટોચના વૈજ્ઞાનિકોમાં એક છે. તેમના સ્ટ્રિંગ થિયરીમાં શાનદાર ફાળો આપવા બદલ આ મેડલ આપવામાં આવ્યો છે. સેન પહેલા ઘણા નોબેલ પુરસ્કાર વિજેતાઓ અને સ્ટીફન હોકિંગ તેમજ પીટર હિગ્સ જેવી મહાન હસ્તીઓને આ એવોર્ડ મળી ચૂક્યો છે. સ્ટ્રિંગ થિયરી પર પોતાના શાનદાર પ્રદાનને લઈને આંતરરાષ્ટ્રીયસ્તરે જાણીતા પ્રોફેસર સેન સ્વીડનની સ્ટોકહોમ યુનિવર્સિટીમાં ગ્રેવિટી ફ્રોમ સ્ટ્રિંગ્સ એન્ડ સ્ટ્રિંગ્સ ફ્રોમ ગ્રેવિટી (ગુરુત્વાકર્ષણથી સ્ટ્રિંગ્સ અને સ્ટ્રિંગ્સથી ગુરુત્વાકર્ષણ) પર એક શાનદાર લેક્ચર આપ્યું હતું. અશોક સેન ટાટા ઈન્સ્ટિટ્યુટ ફોર ફંડામેન્ટલ રિસર્ચ (ટીઆઈઅફઆર)ના ઈન્ટરનેશનલ સેન્ટર ફોર થિયોરેટિકલ સાયન્સીઝમાં કામ કરે છે. તે વિશ્વભરમાં સ્ટ્રિંગ થિયરીના આગેવાનોમાં એક માનવામાં આવે છે. સ્ટ્રિંગ થિયરી ફિઝિક્સની એડવાન્સ બ્રાન્ચ છે. તેમને વિશ્વભરમાં સ્ટ્રિંગ થિયરીના આગેવાનોમાં એક માનવામાં આવે છે. સ્ટ્રિંગ થિયરી ફિઝિક્સની એક એડવાન્સ્ડ બ્રાન્ચ છે, જે બ્રહ્માંડના બધા રહસ્યોને યુનિફાઇડ થિયરી દ્વારા સમજવાનો પ્રયત્ન કરે છે.

આઈસીટીએસના વિજ્ઞાની દીપક ધરે થોડા મહિના પહેલાં જ ડિરાક મેડલ મેળવ્યો તેના પછી પ્રોફેસર સેનને આ એવોર્ડ મળ્યો છે. દીપક ધર આ એવોર્ડ મેળવનારા સેન પછી બીજા ભારતીય વિજ્ઞાની બન્યા છે. સેનને ૨૦૧૨માં એકેડેમીમાં વિશ્વમાં સૌથી વધુ ઈનામી રકમવાળો પ્રથમ બ્રેકથ્રુ પ્રાઇઝ ઈન ફંડામેન્ટલ ફિઝિક્સનું ઈનામ પણ મળી ચૂક્યું છે. તેની ઈનામી રકમ ફિઝિક્સના નોબલ ઈનામથી લગભગ ત્રણ ગણી છે. સેનને ૧૪ વર્ષ પહેલા મળેલા આ એવોર્ડમાં ૩૦ લાખ ડોલર એટલે કે લગભગ ૨૮ કરોડ રૂપિયા મળ્યા હતા.

સેન કોલકાતાની બંગાળી માધ્યમથી અમેરિકા સુધી પહોચ્યા હતા. તેમણે ૧૯૭૫માં પ્રેસિડેન્સી કોલેજમાં બીએસસી સુધીનો અભ્યાસ પૂરો કર્યો હતો. તેના પછી તેમણએ આઈઆઈટી કાનપુરમાં માસ્ટર ડિગ્રી મેળવી હતી. આઈઆઈટી પછી તેમનું જીવન બદલાઈ ગયું. આગળના અભ્યાસ માટે તેમને અમેરિકાની સ્ટોનીબ્રુક યુનિવર્સિટીમાં એડમિશન મળ્યું હતું. બેંગ્લુરુ આવતા પહેલા સેને મુંબઈમાં ટાટા ઈન્સ્ટિટયુટ અને પ્રયાગરાજમાં હરીશચંદ્ર રિસર્ચ ઈન્સ્ટિટયુટમાં પોતાનું રિસર્ચ કાર્ય કર્યુ હતું. પ્રયાગરાજમાં તે પોતાની સંસ્થામાં સાઈકલ પર જ આવતા જતા હતા. તે અત્યંત સાદગીસભર જીવન જીવે છે. તેમના પિતા ભૌતિક વિજ્ઞાનના શિક્ષક હતા. સેન કોઈપણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર હાજર નથી.

VAPI PAGE - 5

ઉમરગામ તાલુકા વિશેષ

Friday 30, October 2026

આપનું અખબાર : આપનો અવાજ
DGT

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : દુકાન નં. ૨, કોમલ કોમ્પલેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની સામે, ઉમરગામ, ૯૭૨૪૦૭૦૫૭૧/૯૮૯૮૮૩૯૨૬૯

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes@yahoo.co.in

- ઉમરગામ
- સંજાણ
- ભીલાડ
- સરીગામ

નગવાસમાં વેરહાઉસની આગ બાદ પર્યાવરણ સામે સંકટ!

નદીના પટમાં ઓઈલ અને કેમિકલયુક્ત પાણી ફેલાવાની આશંકા, ભૂગર્ભ જળ અને ખેતીને નુકસાનની ભીતિ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૨૯ : તાલુકાના નગવાસ ગામના ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં વેરહાઉસમાં લાગેલી ભીષણ આગ બાદ હવે પર્યાવરણ અને જળસ્રોતોની સુરક્ષાને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે. આગ પર કાબૂ મેળવવા વપરાયેલા મોટા પ્રમાણમાં પાણી સાથે ઓઈલ અને કેમિકલયુક્ત પ્રવાહી નજીકના કુદરતી વહેણ તથા નદીના પટમાં પહોંચ્યાની સ્થાનિકોમાં ચિંતા વ્યક્ત થઈ રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, નદીના પટમાં ઓઈલની ચાદર જોવા મળી હતી. જો આ પ્રવાહી જમીનમાં ઊતરે અથવા ભૂગર્ભ જળ સુધી પહોંચે તો નગવાસ સહિત આસપાસનાં ગામોના પાણીના સ્રોતો, ખેતી અને પશુધન માટે જોખમ ઊભું થઈ શકે છે. આ અંગે તાત્કાલિક પર્યાવરણીય તપાસ, પાણીના નમૂનાઓનું પરીક્ષણ અને પ્રદૂષણ અટકાવવાના પગલાં ભરવાની માગ ઊઠી રહી છે.

ઔદ્યોગિક વિકાસની સાથે જોખમી સામગ્રીના સંગ્રહ, અગ્નિસુરક્ષા, ગંદા પાણીના નિકાલ અને પર્યાવરણના નિયમોનું પાલન થાય છે કે નહીં, તે અંગે પણ તપાસ જરૂરી બની છે. ગામમાં કચરો ફેંકવા બદલ દંડની જોગવાઈ દર્શાવતા બોર્ડ હોય ત્યારે ઔદ્યોગિક એકમોમાંથી પ્રદૂષણ ફેલાવાની આશંકા હોય તો જવાબદારી કોની, તેવો સવાલ પણ ચર્ચાઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, ગયા ચોમાસામાં આ વિસ્તાર પૂરનાં પાણીમાં ગરકાવ થયો હોવાની સ્થાનિકો વાત કરી રહ્યા છે.

આ સંજોગોમાં વેરહાઉસમાં આગ લાગવાનું ચોક્કસ કારણ, સંગ્રહિત માલની વિગતો અને વીમા સંબંધિત બાબતો અંગે પણ પારદર્શક તપાસ થવી જોઈએ. જોકે, આગ ઈરાદાપૂર્વક લગાવવામાં આવી હોવાની કે વીમો મેળવવા માટે આવું કૃત્ય કરાયું હોવાની ચર્ચાને સમર્થન આપતા સત્તાવાર પુરાવા હાલ ઉપલબ્ધ નથી. હવે સવાલ એ છે કે નગવાસના પર્યાવરણ, ભૂગર્ભ જળ અને ખેતીની સુરક્ષા માટે તંત્ર ક્યારે સક્રિય બનશે? સંબંધિત વિભાગો દ્વારા સ્થળ તપાસ, પાણી અને માટીના નમૂનાઓનું વૈજ્ઞાનિક પરીક્ષણ તથા જવાબદારી નક્કી કરવાની કાર્યવાહી થાય તે જરૂરી છે.

સોળસુંબા ગ્રાઉન્ડમાં વારંવાર કચરો સળગાવવાથી સ્થાનિકોના સ્વાસ્થ્યને જોખમ

GIDC કોલોનીમાં પ્રદૂષણ ફેલાયું : UIAએ ચીફ ઓફિસરને રજૂઆત કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૨૯ :ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (UIA) એ નોટિફાઈડ એરિયા ઓથોરિટીના ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરી છે. સોળસુંબા ગ્રાઉન્ડમાં વારંવાર કચરો સળગાવવાથી ૠઝ્રઘ્ કોલોની અને આસપાસના વિસ્તારોમાં ધમાડો ગ્રાઉન્ડમાં વારંવાર કચરો સળગાવવાથી ૠઝ્રઘ્ કોલોની અને આસપાસના વિસ્તારોમાં ધુમાડો ફેલાય છે, જેનાથી હવાનું પ્રદૂષણ વધે છે. એસોસિએશને જણાવ્યું કે, આ પ્રદૂષણથી સ્થાનિક રહેવાસીઓના સ્વાસ્થ્ય અને સુરક્ષા સામે જોખમ છે. જાહેર આરોગ્ય અને પર્યાવરણ માટે આ સ્થિતિ ચિંતાજનક છે, તેથી જવાબદાર લોકો સામે તરત કાર્યવાહી જરૂરી છે.રજૂઆતમાં સ્થળ પર તૈનાત સુરક્ષા કર્મચારીઓની કામગીરી પર પણ સવાલ ઉઠાવવામાં આવ્યો છે. સુરક્ષા હોવા છતાં કચરો સળગાવવાની ઘટનાઓ કેમ રોકાતી નથી, તેની તપાસ કરવાની માંગ કરાઈ છે. UIA એ ચીફ ઓફિસરને તપાસ કરવા, જવાબદાર વ્યક્તિઓ સામે કાર્યવાહી કરવા અને આવી ઘટનાઓ ફરી ન બને તે માટે પગલાં ભરવા વિનંતી કરી છે. આ રજૂઆત પ્રમુખ અશોક એસ. ગુપ્તા અને શ્યામ એસ. વિજન તરફથી કરાઈ છે.

ઉમરગામની કંપનીઓના સ્ટોલની મુખ્યમંત્રીએ મુલાકાત લીધી

ગાંધીનગરના એક્સપોમાં સિટિઝન અમ્બ્રેલા સહિતની કંપનીઓએ 'મેક ઈન ઈન્ડિયા'ના પ્રયાસો રજૂ કર્યા, ઉદ્યોગકારોમાં ઉત્સાહ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૨૯ : ગાંધીનગર ખાતે લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા એક એક્સપોનું આયોજન કરાયું હતું. આમાં ઉમરગામની સિટિઝન અમ્બ્રેલા, સરક્લિપ્સ અને કાર્બન સ્ટીલ જેવી કંપનીઓએ ભાગ લીધો હતો.ઉત્પાદનો અને -ગતિનું અને કાર્બન સ્ટીલ જેવી કંપનીઓએ ભાગ લીધો હતો.

તેમણે પોતાના ઉત્પાદનો અને પ્રગતિનું પ્રદર્શન કર્યું.એક્સપો દરમિયાન મુખ્યમંત્રીએ ઉમરગામની કંપનીઓના સ્ટોલની મુલાકાત લીધી હતી. તેમણે ઉદ્યોગકારો સાથે વાતચીત કરી અને તેમના પ્રયાસોને પ્રોત્સાહન આપ્યું હતું.

કંપનીના પ્રતિનિધિઓએ જણાવ્યું કે તેઓ મેક ઈન ઈન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા થઈ રહેલા કયા છો ન મુખ્યમંત્રીએ બિરદાવ્યા અને ઉમરગામ પ્રત્યે વિશેષ આદર વ્યક્ત કર્યો. તેમણે સમસ્યાઓના ઉકેલની ખાતરી પણ આપી હતી.

મુખ્યમંત્રીની મુલાકાતથી ઉદ્યોગકારોમાં ઉત્સાહ જોવા મળ્યો. આનાથી ઉમરગામના ઔદ્યોગિક ક્ષેત્રની ઓળખ વધુ વ્યાપક બની અને મેક ઈન ઈન્ડિયામાં તેમના યોગદાનનો સંદેશ પહોંચ્યો. પ્રયત્નશીલ છે.

ઉમરગામમાં શિવશક્તિ મંદિરની કથામાં ટાઈગર ગ્રૂપે હાજરી આપી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૨૯ : ઉમરગામમાં શ્રી શિવશક્તિ એપેક્સ સાઈટ ટ્રસ્ટ મંદિર દ્વારા ૨૫થી ૩૧ ઓક્ટોબર સુધી ધાર્મિક કથાનું આયોજન કરાયું છે. ૨૬ ઓક્ટોબરે ટાઈગર ગ્રૂપની કમિટી અને અધ્યક્ષ કથાસ્થળે હાજર રહ્યા હતા. તેમણે આયોજકોને શુભેચ્છાઓ પાઠવી અને સહયોગની ભાવના વ્યક્ત કરી હતી. ટાઈગર ગ્રૂપ ઉમરગામમાં મેડિકલ મદદ, ગૌસેવા, શિક્ષણ અને ધાર્મિક કાર્યક્રમો જેવી સેવાકીય પ્રવૃત્તિઓ માટે જાણીતું છે. કથાવાચક વિષ્ણુ બાપુએ ગ્રૂપના સભ્યોને આશીર્વાદ આપ્યા અને તેમના સેવાકીય કાર્યોને બિરદાવ્યા.આ કથા ૩૧ ઓક્ટોબર સુધી ચાલશે, જેમાં શ્રદ્ધાળુઓને જોડાવા આમંત્રણ અપાયું છે. ટાઈગર ગ્રૂપની હાજરીથી આયોજકોને -ોત્સાહન મળ્યું છે અને સમાજમાં સકારાત્મક સંદેશ પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

દમણ-સેલવાસમાં ટ્રાફિકના નિયમોનું કડક પાલન, તો વલસાડ જિલ્લામાં કેમ નહીં?

ઉમરગામમાં વાહનચાલકોની ત્રિપલ સવારી !, તંત્રની કામગીરી સામે સવાલો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૨૯ : દમણ અને સેલવાસમાં ટ્રાફિકના નિયમોનું કડક પાલન કરાવવા માટે કાર્યવાહી કરવામાં આવતી હોય છે.ત્યારે વલસાડ જિલ્લામાં ટ્રાફિકના નિયમોના અમલને લઈને સવાલો ઊભા થઈ રહ્યા છે. ખાસ કરીને ઉમરગામ વિસ્તારમાં ટુ-વ્હીલર પર ત્રિપલ સવારી કરતા વાહનચાલકો નજરે પડતાં ટ્રાફિક વ્યવસ્થાની અસરકારકતા સામે પ્રશ્નો ઊભા થયા છે.દમણ અને સેલવાસમાં ટ્રાફિકના નિયમોનું પાલન કરાવવા માટે કડકાઈ જોવા મળતી હોય તો વલસાડ જિલ્લામાં પણ આવી જ વ્યવસ્થા કેમ અમલમાં મૂકવામાં આવતી નથી શું અહીં ટ્રાફિકના નિયમોનું પાલન કરાવવાની જવાબદારી માત્ર કાગળ પર જ રહી ગઈ છે ટ્રિપલ સવારી સહિત ટ્રાફિકના નિયમોનો ભંગ કરવાથી માર્ગ અકસ્માતનું જોખમ વધી શકે છે. આવી સ્થિતિમાં ટ્રાફિક પોલીસ દ્વારા નિયમિત ચેકિંગ, જાગૃતિ અભિયાન અને નિયમોનો ભંગ કરનાર વાહનચાલકો સામે કાયદેસરની કાર્યવાહી જરૂરી છે.

સવાલ એ છે કે જ્યારે દમણ અને સેલવાસમાં ટ્રાફિકના નિયમોનું કડક પાલન કરાવી શકાય છે, તો વલસાડ જિલ્લામાં કેમ નહીં ઉમરગામ સહિત સમગ્ર વલસાડ જિલ્લામાં ટ્રાફિકના નિયમોનું અસરકારક પાલન કરાવવા માટે સંબંધિત તંત્ર ક્યારે કડક પગલાં ભરશે, તે જોવું રહ્યું.

ઉમરગામ UIA ખાતે 'ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી' કાર્યક્રમ યોજાયો

ડ્રગ્સ, ટ્રાફિક નિયમો અને સાયબર ક્રાઈમ અંગે ઉદ્યોગકારોને માર્ગદર્શન અપાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૨૯ : ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (UIA)ની કચેરી ખાતે જિલ્લા પોલીસવડા યુવરાજસિંહ જાડેજાની અધ્યક્ષતામાં તથા વાપી ડીવાયએસપી બી.એન. દવેની ઉપસ્થિતિમાં 'ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ડ્રગ્સ સામે જાગૃતિ, ટ્રાફિક નિયમો અને સાયબર ક્રાઈમ જેવા મહત્ત્વના વિષયો પર પ્રેઝન્ટેશન દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઉમરગામ પોલીસ મથકના પીઆઈ એચ.ડી. તુવરે ટ્રાફિકના નિયમોનું પાલન કરવા, ડ્રગ્સના દુષણ સામે સમાજમાં જાગૃતિ ફેલાવવા તથા સાયબર ગુનાઓથી સાવચેત રહેવા અપીલ કરી હતી. સાયબર ગુનેગારો દ્વારા અપનાવવામાં આવતી વિવિધ પદ્ધતિઓ અને કાયદાકીય જોગવાઈઓ અંગે ઉદાહરણો સાથે માહિતી આપવામાં આવી હતી. સાયબર છેતરપિંડીના કિસ્સામાં તાત્કાલિક સરકાર દ્વારા જાહેર કરાયેલા હેલ્પલાઈન નંબર પર જાણ કરી આર્થિક નુકસાન અટકાવવા અથવા ઓછું કરવા પ્રયાસ કરવા જણાવાયું હતું.

ઔદ્યોગિક વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવા ઉદ્યોગકારોને સીસીટીવી કેમેરા લગાવવા તેમજ માન્યતા પ્રાપ્ત સિક્યુરિટી એજન્સીઓના સુરક્ષાકર્મીઓ તૈનાત કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત ઉદ્યોગકારોએ ટ્રાફિક અને ડ્રગ્સ અંગેના પ્રશ્નો રજૂ કર્યા હતા, જેના જવાબમાં જિલ્લા પોલીસવડા યુવરાજસિંહ જાડેજાએ માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ગુનાખોરી અટકાવવા અને ગુનાઓનો ભેદ ઉકેલવા પોલીસ દ્વારા સતત પ્રયાસો કરવામાં આવતા હોવાનું જણાવ્યું હતું.

કાર્યક્રમમાં UIAના સેક્રેટરી શ્યામ વિઝન, ઉપપ્રમુખ ભગવાનભાઈ ભરવાડ, ટ્રેઝરર રત્નેશ્વર ચૌરસિયા, અગ્રણી ઉદ્યોગપતિ ઈશ્વરભાઈ બારી, ડોમ્સ ઈન્ડસ્ટ્રીઝના સંજયભાઈ રાજાની સહિત મોટી સંખ્યામાં ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા. અંતે UIAના ઉપપ્રમુખ ભગવાનભાઈ ભરવાડે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

ઉમરગામના ડમરુવાડીમાં ભંગારના ગોડાઉનમાં આગની ઘટનામાં તપાસ

પાલિકાની આરોગ્ય સમિતિએ સ્થળ નિરીક્ષણ કર્યું; લાયસન્સ વગરના સ્ક્રેપ ગોડાઉનો પર કાર્યવાહી થશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૨૯ : ઉમરગામ નગરપાલિકાની આરોગ્ય સમિતિની ટીમે વોર્ડ નંબર ૩ના ડમરુવાડી વિસ્તારમાં આવેલા ભંગારના ગોડાઉનમાં લાગેલી આગનું સ્થળ નિરીક્ષણ કર્યું. ત્રણ દિવસ પહેલાં આ ગોડાઉનમાં આગ લાગી હતી.

નિરીક્ષણ દરમિયાન આગ હજુ પણ ચાલુ હોવાનું સામે આવ્યું. નગરપાલિકાની ટીમ તેને સંપૂર્ણપણે બુઝાવવા ફરી કાર્યવાહી કરશે. આરોગ્ય સમિતિના અધ્યક્ષ સમીરભાઈ કંસારાએ આગ પર ઝડપથી કાબૂ મેળવવા પ્રયાસ કરવાની વાત કરી. તપાસમાં જણાયું કે કેટલાક સ્ક્રેપ વેપારીઓ પાસે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)નું લાયસન્સ નથી. નગરપાલિકા આવા સ્ક્રેપ ગોડાઉનોનો સર્વે કરી નિયમોનો ભંગ કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરશે.સમીરભાઈ કંસારાએ સ્ક્રેપ ગોડાઉન માલિકોને જરૂરી લાયસન્સ મેળવી લેવા સૂચના આપી. તેમણે કહ્યું કે સ્વચ્છતા અને પર્યાવરણના નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક પગલાં લેવાશે. નગરપાલિકા કોઈ બાંધછોડ નહીં કરે.

ભીલાડમાં ડૉ. પ્રવીણભાઈ તોગડિયાનું સ્વાગત કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૨૯ : આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના અધ્યક્ષ ડૉ. પ્રવીણભાઈ તોગડિયાની ભીલાડ સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે મુલાકાત દરમિયાન ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ભીલાડ ગ્રામ પંચાયતનાં સરપંચ વૈશાલીબેન કપિલભાઈ જાદવ તથા પંચાયતના સભ્યોએ પુષ્પ અર્પણ કરીને ડૉ. પ્રવીણભાઈ તોગડિયાનું સ્વાગત કર્યું હતું. ગુજરાત ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ નિર્મલભાઈ દુધાણી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સર્વોદય મિત્ર મંડળના સભ્યો, પૂજ્ય સ્વામિનારાયણ ગુરુકુળના સંતો, જૈન સમાજના આગેવાનો તેમજ ગૌરક્ષા સાથે જોડાયેલા સભ્યોએ પણ ઉપસ્થિત રહી ડૉ. પ્રવીણભાઈ તોગડિયાનું સ્વાગત કર્યું હતું.

પોલીસ પ્રશાસનની હાજરીમાં યોજાયેલા આ સ્વાગત કાર્યક્રમ દરમિયાન 'જય જય શ્રી રામ'ના નારાથી સમગ્ર વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું. વિવિધ સમાજના આગેવાનો, કાર્યકરો અને આમંત્રિતોની ઉપસ્થિતિએ કાર્યક્રમને વિશેષ બનાવ્યો હતો.

ઉમરગામ જીઆઈડીસીમાંથી અજગરનું રેસ્કયુ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૨૯ : ઉમરગામ GIDC વિસ્તારના ફણસા ચાર રસ્તા નજીકથી આશરે ૧૬ ફૂટ લાંબા ઈન્ડિયન રોક પાયથોનનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. આ વિશાળ અજગરને જોઈને આસપાસના લોકોમાં કુતૂહલ જોવા મળ્યું હતું. સામાન્ય રીતે અજગર ખોરાકની શોધમાં ઝાડી-ઝાંખરાં કે જંગલ વિસ્તારમાંથી માનવ વસાહત અથવા ઔદ્યોગિક વિસ્તારોમાં આવી જાય છે. ફણસા ચાર રસ્તા નજીક આટલા મોટા અજગરને સુરક્ષિત રીતે પકડવો જરૂરી બન્યો હતો.

સમયસરની કાર્યવાહી અને રેસ્ક્યુ ટીમની મદદથી અજગરને સફળતાપૂર્વક પકડી લેવામાં આવ્યો. આ ઘટનાથી એક મોટો ખતરો ટળીગયો. જોકે, અજગરને ક્યાંથી રેસ્ક્યુ કરાયો અને પછી તેને કુદરતી નિવાસસ્થાનમાં છોડવામાં આવ્યો કે કેમ, તેની વધુ માહિતી હજુ મળી નથી.નાગરિકોને અપીલ છે કે જો ક્યાંય અજગર કે અન્ય વન્યજીવ જોવા મળે તો તેની નજીક ન જવું કે તેને પકડવાનો પ્રયાસ ન કરવો. તાત્કાલિક વન વિભાગ અથવા તાલીમ પામેલી વન્યજીવ રેસ્ક્યુ ટીમનો સંપર્ક કરવો.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES

Friday 30, October 2026

ખેડૂતોની વાત સાંભળજો...

ગુજરાત સરકારે કચ્છ સહિત ચાર જિલ્લા દુષ્કાળગ્રસ્ત ઘોષિત કર્યા એની કરેલી જાહેરાત અનુસાર ખેતર દીઠ રૂા. ૮૫૦૦ સહાય ચૂકવાશે અને તેમાં પણ વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદા રખાઈ છે. મોંઘવારી તથા ખેતી માટે થતા ખર્ચ સામે આ રકમ મામૂલી છે તેવું કૃષિકર્મીઓ માને છે. ચાર જ જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયા છે, પરંતુ વરસાદની ઘટ અન્ય જિલ્લાઓમાં પણ છે. પાક ત્યાં પણ નિષ્ફળ ગયો છે, પાણીની તંગી છે, તેથી અછત કે દુષ્કાળ જાહેર કરવાની માંગ ત્યાંથી પણ ઊઠી છે. પશુઓ માટે પ્રતિ દિવસ રૂા. ૮૦ની સહાય માત્ર બે મહિના પૂરતી જ નક્કી કરવામાં આવી છે. પશુપાલકો કહે છે કે, ખાણદાણ અને ઘાસચારાના વાસ્તવિક ખર્ચ સામે આ રકમ અપૂરતી છે. આ વખતે વરસાદનું ચિત્ર જોતાં ખેડૂતોની આ વાત અવગણી શકાય તેમ નથી. વિવિધ રાજકીય પક્ષના અગ્રણીઓ, ખેડૂત આગેવાનો માંગ કરે તો તેને રાજકીય કહી શકાય, પરંતુ સાધારણ ખેડૂતને પણ મુશ્કેલી છે. સોમવાર સાંજથી સતત એ પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે કે, જ્યારે અતિવૃષ્ટિ થાય ત્યારે પ્રતિ હેક્ટર રૂા. ૨૨૦૦૦-૨૩૦૦૦ સુધીની સહાય ચૂકવવામાં આવે છે, તો પછી આ દુષ્કાળમાં રૂા. ૮૫૦૦ શા માટે ? રાજ્યભરમાં જ્યાં-જ્યાં ઓછો વરસાદ છે, ત્યાંથી આ મુદ્દે માગણી ઊઠી છે. કચ્છ, જામનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકામાં સ્થિતિ વધારે ગંભીર છે તો અન્ય જિલ્લાઓમાં કદાચ વરસાદના આંકડા એવા છે જેને લીધે ત્યાં દુષ્કાળ જાહેર થયો નથી, પરંતુ હાલત તો ત્યાં પણ કફોડી છે. આ વર્ષે યુદ્ધના સંજોગોને કારણે પેટ્રોલ-ડીઝલનો ભાવવધારો છે, મોંઘવારી છે અને તેમાં ખેડૂતો ઉપર આ સંકટ આવ્યું છે. ગુજરાત સરકારે હંમેશાં ખેડૂતોનું હિત જોયું છે, તે વાત અસ્થાને નથી, પરંતુ આજના સંજોગ અલગ છે. ભારતના કર્ણાટક, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં પણ ઓછા વરસાદને કારણે દુષ્કાળ છે. તેલંગાણામાં ૫૧ ટકાથી ઓછો વરસાદ થયો છે. કર્ણાટકમાં ૨૨૬ તાલુકા અસરગ્રસ્ત જાહેર કરાયા છે, કેન્દ્ર સરકારના એસડીઆરએફ એટલે કે સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડના ધોરણ મુજબ ગુજરાત સરકારે પણ સહાય જાહેર કરી છે, પરંતુ અન્ય રાજ્યોમાં તે ભંડોળ ઉપરાંત સરકારે પોતે વ્યવસ્થા કરી છે. મહારાષ્ટ્રના સંભાજીનગર, લાતૂરમાં ખરીફ પાક મોટા ભાગે સુકાયો છે. ભૂગર્ભ જળના તળિયા દેખાઈ ગયા છે. કર્ણાટકના ૨૦થી વધારે જિલ્લા દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયા હતા. આંધ્રપ્રદેશ અને તેલંગાણાના અંતરિયાળ વિસ્તારમાં જળાશયો ખાલી છે અને ભૂગર્ભ જળના સ્તર નીચે ઊતર્યા છે. માત્ર એક પાક નિષ્ફળ જશે એટલું જ નહીં, પરંતુ ખેડૂતોએ રવીપાક માટે પણ આ રાજ્યોમાં આર્થિક વ્યવસ્થા કરવી પડશે. ગુજરાતમાં આખા રાજ્યમાં દુષ્કાળની સ્થિતિ નથી તેથી સ્વભાવિક રીતે આ પેકેજ મર્યાદિત વિસ્તારમાં હોય એટલે અન્ય રાજ્યો સાથેની તે સરખામણી કરવાનો પ્રશ્ન નથી, પરંતુ ખેડૂતો કહી રહ્યા છે કે, મહારાષ્ટ્ર સરકારે બિનપિયત પાક માટે રૂા. ૧૩૬૦૦ની સહાય જાહેર કરી છે. પિયત માટે રૂા.૨૭૦૦૦ અને બાગાયતી પાક માટે રૂા. ૩૬૦૦૦ પ્રતિ હેક્ટરની જાહેરાત કરી છે. કર્ણાટક સરકારે બિનપિયત પાક માટે રૂા. ૮૫૦૦ ઉપરાંત વચગાળાની રોકડ રાહત, પિયત માટે હેક્ટર દીઠ રૂા. ૧૭૦૦૦ અને બાગાયતી-બારમાસી પાક માટે રૂા. ૨૨૫૦૦ની જાહેરાત કરી છે. એ વાત સાચી છે કે, દરેક રાજ્યની ભૌગોલિક સ્થિતિ, દુષ્કાળની સ્થિતિ અલગ-અલગ હોય એટલે સરકાર ઈરાદાપૂર્વક સહાય ઓછી કરે છે, તેવું કોઈ કહેતું હોય તો તે મોટી ગેરસમજ છે, ભલે અન્ય રાજ્યોની સરખામણીએ નહીં પણ ગુજરાતમાં જે હાલત છે, તેનો જરૂર પડયે વધારે અભ્યાસ કરીને, ખેડૂત સંગઠનો સાથે પરામર્શ કરીને જો પુનઃ વિચાર થાય તો ખેડૂતો નુકસાનથી બચી શકે. ગુજરાત સરકારે વીજળી, પાણી, બિયારણ સહિતના સંદર્ભે કૃષિલક્ષી પગલાં સતત લીધાં છે, ત્યારે ખેડૂતો જે સમયે મુશ્કેલીમાં છે ત્યારે પણ કૃષિલક્ષી વલણનું સાતત્ય જળવાય તે બહુજન હિતાય, બહુજન સુખાય નિર્ણય રહેશે.

આજથી મોદી બે દિવસ ગુજરાતમાં

(દમણગંગા ટાઈમ્સ)

અમદાવાદ, તા.૨૯ : દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલથી બે દિવસ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. ૩૦ અને ૩૧ ઓક્ટોબરના રોજ પીએમના બે દિવસીય સત્તાવાર ગુજરાત પ્રવાસ દરમિયાન તેઓ ઉત્તર ગુજરાત તથા દક્ષિણ ગુજરાતને કરોડોના વિકાસકાર્યોની ભેટ આપશે. બનાસકાંઠા, ગાંધીનગર અને કેવડિયામાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું શિલાન્યાસ, લોકાર્પણ અને ખાતમુહૂર્ત તેમના દ્વારા કરાશે. ૩૦મીએ પીએમ બનાસકાંઠાના ભીલડી અને સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે અનેક મહત્ત્વપૂર્ણ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. ૩૧મી ઓક્ટોબરે પીએમ મોદી એકતાનગર ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે આયોજિત રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે. કેવડિયામાં વડા-ધાનની હાજરીમાં એકતા પરેડ પણ યોજાશે. વડાપ્રધાન મોદીના પ્રવાસ દરમિયાન કેવડિયા ખાતે યોજાનારી એકતા પરેડ ખાસ આકર્ષણ રહેશે. આ વખતે પહેલીવાર એકતા પરેડ સાંજે યોજાશે. ત્યારબાદ પીએમ કેવડિયાથી રાત્રે વડોદરા એરપોર્ટ પહોંચશે અને બાદમાં વિશેષ વિમાન મારફતે નવી દિલ્હી પરત રવાના થશે. વડાપ્રધાનના ગુજરાત પ્રવાસને લઈને તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આગામી વિધાનસભાની ચૂંટણી પૂર્વે વડાપ્રધાન મોદીનો ગુજરાત પ્રવાસ ખૂબ મહત્વનો માનવામાં આવી રહ્યો છે.

૩૦ ઓક્ટોબરે, સવારે આશરે ૯:૩૦ વાગ્યે, પીએમ બનાસકાંઠાના ભીલડીમાં સ્થપાયેલા એમ્બ્રિયો ટ્રાન્સફર ટેકનોલોજી-ઇન વિટ્રો ફર્ટિલાઇઝેશન લેબોરેટરી અને ભારત બોવાઈન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટર કેટલ ફાર્મની મુલાકાત લેશે. સવારે આશરે ૧૦:૩૦ વાગ્યે, તેઓ બનાસકાંઠામાં રૂ.૧૪,૦૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, લોકાર્પણ અને રાષ્ટ્રને સમર્પણ કરશે. તેઓ પીએમ-કિસાન હેઠળ રૂ.૧૯,૦૦૦ કરોડનો ૨૪મો હપ્તો પણ રજૂ કરશે, બે ટ્રેન સેવાઓને લીલી ઝંડી બતાવશે અને આ પ્રસંગે જનસભાને સંબોધન કરશે.

ત્યારબાદ, પીએમ કેવડિયાના એકતા નગર પહોંચશે. જ્યાં પીએમના હસ્તે ભારત પર્વ ૨૦૨૬ નું ઉદ્ઘાટન કરવામાં આવશે. રાત્રે પીએમની ઉપસ્થિતિમાં નર્મદા આરતી યોજાશે. ૩૧ ઓક્ટોબરે, સવારે આશરે ૯ વાગ્યે, પીએમ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પુષ્પાંજલિ અર્પણ કરશે. ત્યારબાદ એકતા નગરમાં રૂ.૪૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, લોકાર્પણ અને રાષ્ટ્રને સમર્પણ કરશે. એકતા નગર ખાતે રેન ફોરેસ્ટ અને વામન વૃક્ષ વાટિકાની પીએમ મુલાકાત લેશે. સાંજે આશરે ૫:૩૦ વાગ્યે, પીએમ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે આયોજિત રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે.વડા-ધાન બનાસકાંઠાના ભીલડી ખાતે રૂ. ૩૨૮ કરોડના ખર્ચે તૈયાર થયેલું ભારત બોવાઇન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટર (BBBRC) રાષ્ટ્રને સમર્પિત કરશે. ૧૨૭ એકરમાં પથરાયેલ આ કેન્દ્ર સ્ટેટ-ઓફ-ધી-આર્ટ સેન્ટર ઓફ એક્સેલન્સ તરીકે સ્થાપિત કરાયું છે. BBBRC ગૌવંશ સંવર્ધન, જેનિટિક અપગ્રેડેશન અને અદ્યતન રીપ્રોડક્ટિવ ટેકનોલોજીને મજબૂત બનાવશે, જેનાથી ઓલાદ સુધારણા ૧૦ થી ૨૦ ગણી ઝડપી બનશે. કાંકરેજ ગાયની ઓલાદ માટે સમર્પિત આ પ્રકારની દેશની આ પ્રથમ સુવિધા હશે. ત્યારબાદ પીએમ થરાદ અને રાધનપુર ખાતે બનાસ ડેરીના બે બાયો-CNG પ્લાન્ટનો શિલાન્યાસ કરશે, જેની ગાયના છાણ પ્રોસેસિંગની ક્ષમતા અનુક્રમે પ્રતિદિન ૭૫ મેટ્રિક ટન અને પ્રતિદિન ૧૦૦ મેટ્રિક ટન છે.અમદાવાદ મેટ્રો ફેઝ-2A (એરપોર્ટ એક્સ્ટેન્શન) અને ફેઝ-2B (ગિફ્ટ સિટી એક્સ્ટેન્શન) નો શિલાન્યાસ પીએમના હસ્તે કરાશે. આશરે રૂ.૨,૬૦૦ કરોડના ખર્ચે અમદાવાદ-મહેસાણા રોડ (સ્ટેટ હાઈવે-૪૧) ને ચાર લેનમાંથી આઠ લેનમાં અપગ્રેડ કરવા અને મજબૂત કરવા માટેનો શિલાન્યાસ પણ વડાપ્રધાન કરશે. આ પ્રોજેક્ટ અમદાવાદ અને ઉત્તર ગુજરાત વચ્ચેની મુસાફરીને વધુ ઝડપી, સુરક્ષિત અને આરામદાયક બનાવશે.

પીએમ પાલનપુર ખાતે અલ્ટ્રા-હાઈ-ટેમ્પરેચર (UHT) પ્રોડક્ટ્સ માટે ઓટોમેટેડ સ્ટોરેજ એન્ડ રિટ્રીવલ સિસ્ટમ દેશને સમર્પિત કરશે. પીએમ અમદાવાદ (સાબરમતી)-વારાણસી એક્સપ્રેસ અને મહેસાણા-બેચરાજી-સાબરમતી મેમુ ટ્રેન સેવાઓને લીલી ઝંડી બતાવીને રેલ કનેક્ટિવિટી મજબૂત કરશે. પીએમ દ્વારા દેશના ખેડૂતોને નાણાકીય મદદ માટે પીએમ-કિસાનનો રૂ. ૧૯,૦૦૦ કરોડનો ૨૪મો હપ્તો જારી કરશે.

પીએમ ૩૦મીએ સાંજે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે એકતા પ્રકાશ પર્વના સાક્ષી બનશે, જે ભારતની એકતા, વિવિધતા, સાંસ્કૃતિક વારસા અને પ્રગતિની ઉજવણી કરતો લાઈટિંગ ઉત્સવ છે. પીએમ રાત્રી રોકાણ કેવડિયામાં કરશે. બીજા દિવસે ૩૧ ઓક્ટોબરે, પીએમ એકતા નગરમાં રૂ.૪૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સની ભેટ રાષ્ટ્રને આપશે. ઉદ્ઘાટન થનારા પ્રોજેક્ટ્સમાં સીવેજ અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ફેકેડ લાઈટિંગ, નર્મદા ઘાટનું અપગ્રેડેશન, IRCTC હોટેલ, અને એકતા નગર ખાતે રેનફોરેસ્ટ, યુનિટી અને ઈકો ટ્રેલ વગેરેનો સમાવેશ થાય છે. નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાના વિદ્યાર્થીઓ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની ઐતિહાસિક કૃતિ આનંદમઠની પ્રસ્તુતિ પીએમ સમક્ષ રજૂ કરશે. ૧૦૦x૧૦૦ ફૂટના વિશાળ મંચ પર ૩૦૦થી વધુ કલાકારો ૯૦ મિનિટ સુધી ભવ્ય નાટ્ય-સ્તુતિ કરશે.

પીએમ ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે. કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (CAPFs), રાજ્ય પોલીસ દળો અને કેન્દ્રીય પોલીસ સંસ્થાઓની અનુશાસન, વ્યાવસાયિકતા, સાહસ અને સમર્પણનું પ્રદર્શન કરશે. આ વર્ષની પરેડ સાંજે યોજાશે. એકતા નગરમાં વિવિધ ઝાંખીઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો વંદે માતરમ્ થીમ આધારિત રહેશે, જે દેશભક્તિ, રાષ્ટ્રીય ગૌરવ અને સામૂહિક એકતાની ભાવનાને પ્રતિબિંબિત કરશે. આ ઝાંખીઓ લોકોની આકાંક્ષાઓ, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની સાંસ્કૃતિક સમૃદ્ધિ તેમજ લોકોની વિકાસયાત્રાને પ્રદર્શિત કરશે. સમગ્ર ભારતમાંથી આશરે ૫,૦૦૦ કલાકારોને આવરી લેતી એક ભવ્ય સાંસ્કૃતિક પ્રસ્તુતિ રજૂ કરાશે જે દેશના ભવ્ય વારસાને ઉજાગર કરશે. પીએમ મોદી રાત્રે વડોદરા એરપોર્ટથી દિલ્હી જવા રવાના થશે.

દેશની આત્મા બચાવવા સૌએ એક થવું પડશે : રાહુલ ગાંધી

૧ નવેમ્બરે દિલ્હીમાં રેલી, આ કોઈ એક પક્ષની લડાઈ નથી, લોકશાહી અને બંધારણ બચાવવાની લડાઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૯ : કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આગામી ૧ નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાન ખાતે યોજાનારી 'ચલો દિલ્હી રામલીલા માર્ચ'માં મોટી સંખ્યામાં જોડાવા દેશવાસીઓને અપીલ કરી છે. તેમણે 'વોટ ચોરી'ના મુદ્દે યોજાનારી આ માર્ચને કોઈ એક રાજકીય પક્ષનો કાર્યક્રમ નહીં, પરંતુ લોકશાહી અને બંધારણની રક્ષા માટેનું રાષ્ટ્રીય આંદોલન ગણાવ્યું છે. રાહુલ ગાંધીએ વિવિધ વિચારધારા ધરાવતા નાગરિકો, યુવાનો અને વિદ્યાર્થીઓને પક્ષીય ભેદભાવથી ઉપર ઊઠીને આ અભિયાનમાં જોડાવા હાકલ કરી છે.સોશિયલ મીડિયા પર વીડિયો સંદેશ જાહેર કરતાં રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે આ માર્ચનો મુખ્ય ઉદ્દેશ્ય મતોની કથિત ચોરી અટકાવવાનો અને લોકશાહીની રક્ષા કરવાનો છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે પણ આ મુદ્દે આક્ષેપો કર્યા હતા. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે લોકશાહી અને બંધારણની રક્ષા કરવા માગતા તમામ લોકોએ આ માર્ચમાં જોડાવું જોઈએ. તેમના મતે, આ લડાઈ માત્ર કોંગ્રેસ કે કોઈ એક રાજકીય પક્ષ પૂરતી મર્યાદિત નથી, પરંતુ દેશના લોકતાંત્રિક મૂલ્યોને જાળવી રાખવાની લડાઈ છે. રાહુલ ગાંધીએ સંભવિત પોલીસ કાર્યવાહી અને લાઠીચાર્જની આશંકા વચ્ચે પણ આંદોલનકારીઓને હિંમત જાળવી રાખવા અપીલ કરી હતી. તેમણે ભાજપ પર નિશાન સાધતાં કહ્યું હતું કે લોકશાહી અને બંધારણની રક્ષા માટે સૌએ એકજૂથ થઈને આગળ આવવું જોઈએ.

તેમણે વિવિધ રાજકીય વિચારધારા ધરાવતા વિદ્યાર્થી સંગઠનોને પણ આ માર્ચમાં જોડાવાનું આમંત્રણ આપ્યું હતું. દેશના નાગરિકોને પોતાની અભિવ્યક્તિ અને વિચારો પર હુમલો થતો હોવાની લાગણી હોય, તો તેમણે પક્ષીય મતભેદો ભૂલીને લોકશાહીની રક્ષા માટે સાથે આવવું જોઈએ તેવી અપીલ તેમણે કરી હતી.

રાજનાથ સિંહનો ASEAN બેઠકમાં આતંકવાદ સામે કડક વલણનો પુનરોચ્ચાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૯ : ભારતના રક્ષામંત્રી રાજનાથ સિંહે ફિલિપાઈન્સના સેબુ ખાતે યોજાયેલી ૧૩મી આસિયાન ડિફેન્સ મિનિસ્ટર્સ મીટિંગ પ્લસ (ADMM-Plus)માં સંબોધન કરતાં પ્રાદેશિક સુરક્ષા, આતંકવાદ વિરોધી સહયોગ અને દરિયાઈ સુરક્ષાના મુદ્દે ભારતની રણનીતિ રજૂ કરી હતી. તેમણે તમામ સ્વરૂપોમાં આતંકવાદના નિર્મૂલન માટે ભારતની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આતંકવાદ સામે લડવાનો ભારતનો અનુભવ દાયકાઓના વાસ્તવિક પડકારો અને કામગીરીમાંથી વિકસ્યો છે.

રાજનાથ સિંહે પોતાના સંબોધનમાં ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરીને આતંકવાદી માળખાં સામે ભારતની કાર્યવાહી અને સરહદ પારથી ઊભા થતા સુરક્ષા પડકારોનો સામનો કરવાની ક્ષમતા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આતંકવાદ સામેની લડાઈમાં પ્રાદેશિક દેશો વચ્ચે સંયુક્ત કવાયતો, ક્ષમતા નિર્માણ અને ગુપ્તચર માહિતીની આપ-લે મહત્ત્વપૂર્ણ છે.

રક્ષામંત્રીએ જણાવ્યું હતું કે આતંકવાદ કોઈ એક દેશની સરહદો પૂરતો મર્યાદિત નથી. તેથી તેનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગ અનિવાર્ય છે. ભારત આસિયાનના ભાગીદાર દેશો સાથે પોતાનો વ્યવહારિક અનુભવ વહેંચવા અને આતંકવાદ વિરોધી ક્ષમતાઓ મજબૂત કરવા તૈયાર છે.

આસિયાનના ADMM-Plus માળખા હેઠળ આતંકવાદ વિરોધી સહયોગને મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર ગણાવતાં તેમણે ભારત અને મલેશિયા ૨૦૨૪થી ૨૦૨૭ના સમયગાળા માટે આતંકવાદ વિરોધી નિષ્ણાત કાર્યકારી જૂથના સહ-અધ્યક્ષ હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

પ્રવચન આપતા પહેલાં આત્મમંથન કરો : કોંગ્રેસ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૯ : ચાર રાજ્યોમાં યોજાયેલી વિધાન પરિષદ (MLC)ની ચૂંટણીનાં પરિણામોને લઈને ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રાજકીય ઘમાસાણ તેજ બન્યું છે. બેલેટ પેપરથી યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસના નબળા પ્રદર્શનને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કટાક્ષ કરતાં કોંગ્રેસે પણ વળતો પ્રહાર કર્યો છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશ અને નેતા ઉદિત રાજે વડાપ્રધાનને આત્મમંથન કરવાની સલાહ આપતાં વારાણસી અને નાગપુરમાં ભાજપના પ્રદર્શનનો મુદ્દો ઉઠાવ્યો છે.બિહાર, ઉત્તર પ્રદેશ, કર્ણાટક અને મહારાષ્ટ્રમાં સ્નાતક તથા શિક્ષક મતવિસ્તારોની ૨૮ વિધાન પરિષદ બેઠકો માટે બેલેટ પેપરથી ચૂંટણી યોજાઈ હતી. અહેવાલ મુજબ, આ ચૂંટણીમાં ભાજપના નેતૃત્વ હેઠળના NDAને ૧૬ બેઠકો મળી હતી, જ્યારે કોંગ્રેસને માત્ર એક બેઠકથી સંતોષ માનવો પડ્યો હતો. બીજી તરફ, સમાજવાદી પાર્ટીએ ઉત્તર પ્રદેશમાં પાંચ બેઠકો જીતી હતી. તેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંસદીય મતવિસ્તાર વારાણસીની બે બેઠકોનો પણ સમાવેશ થાય છે.ચૂંટણીનાં પરિણામો બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર કોંગ્રેસના પ્રદર્શનને લઈને કટાક્ષ કર્યો હતો. વિપક્ષ દ્વારા વારંવાર EVM સામે સવાલો ઉઠાવીને બેલેટ પેપરથી ચૂંટણી યોજવાની માગ કરવામાં આવે છે તે સંદર્ભમાં તેમણે બેલેટ પેપરથી યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસની સ્થિતિ તરફ ધ્યાન દોર્યું હતું.વડાપ્રધાનના નિવેદનનો જવાબ આપતાં કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે કહ્યું હતું કે બીજાને પ્રવચન આપતાં પહેલાં વડાપ્રધાને આત્મમંથન કરવાની જરૂર છે. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે વારાણસીની બંને બેઠકો પર ભાજપની હાર કેવી રીતે થઈ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના ગઢ ગણાતા નાગપુરમાં કોંગ્રેસે ભાજપને કેવી રીતે હરાવ્યું? જયરામ રમેશે મોંઘવારી અને બેરોજગારી જેવા મુદ્દાઓનો ઉલ્લેખ કરીને સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમના મતે, સરકારે રાજકીય કટાક્ષ કરવાને બદલે સામાન્ય પરિવારોને અસર કરતા પ્રશ્નો પર ધ્યાન આપવું જોઈએ. કોંગ્રેસના નેતા ઉદિત રાજે પણ વડાપ્રધાનના નિવેદન સામે આક્રમક પ્રતિક્રિયા આપી હતી. તેમણે ગોરખપુર, વારાણસી અને નાગપુરનો ઉલ્લેખ કરીને ભાજપ અને RSSને રાજકીય પડકારનો સામનો કરવો પડ્યો હોવાનો દાવો કર્યો હતો. ઉદિત રાજે બેલેટ પેપરથી ચૂંટણી યોજવાની માગના મુદ્દે કોંગ્રેસના વલણનો પણ પુનરોચ્ચાર કર્યો હતો. તેમના જણાવ્યા મુજબ, કોંગ્રેસ બેલેટ પેપરથી ચૂંટણી યોજવાની માગને સમર્થન આપે છે.

દિલ્હી-NCRમાં ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ નહીંઃ સુપ્રીમ

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૨૯ : દિલ્હી-NCRમાં ફટાકડાના ઉપયોગ અને તેનાથી થતા પ્રદૂષણના મુદ્દે સુપ્રીમ કોર્ટે મહત્ત્વપૂર્ણ વલણ રજૂ કર્યું છે. અદાલતે ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો ઈનકાર કરતાં સ્પષ્ટ કર્યું કે આ મામલે સંતુલિત આદેશ આપવામાં આવશે. સાથે જ નિયમોનો ભંગ કરીને ગેરકાયદે ફટાકડા વેચનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પ્રદૂષણ સામે લોકોમાં જાગૃતિ લાવવા માટે ક્રિકેટર વિરાટ કોહલી જેવી જાણીતી હસ્તીઓની મદદ લેવાનું સૂચન પણ કોર્ટે કર્યું હતું.

સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે તહેવારો દરમિયાન લોકોની ખુશીઓ અને ઉત્સાહને અસર પહોંચાડવાનો તેનો હેતુ નથી. જોકે, વધતા પ્રદૂષણને અવગણી શકાય નહીં. અદાલતે નોંધ્યું હતું કે દર વર્ષે ફટાકડાના ઉપયોગ અંગે આદેશો આપવા પડે છે, પરંતુ તેનું યોગ્ય રીતે પાલન થતું નથી. માત્ર પ્રતિબંધ લાદવાથી સમસ્યાનો કાયમી ઉકેલ મળતો નથી. તેથી નિયમોના અસરકારક અમલ અને જનજાગૃતિ પર વધુ ધ્યાન આપવું જરૂરી છે.

કોર્ટે એમ પણ સૂચવ્યું હતું કે જાણીતી હસ્તીઓ દ્વારા લોકોને પ્રદૂષણના નુકસાન અંગે સમજાવવામાં આવે તો જાગૃતિ વધારવામાં મદદ મળી શકે છે.

સુનાવણીમાં અદાલતની મદદ કરી રહેલા અમાઈકસ ક્યુરીએ ફટાકડાથી હવામાં ફેલાતા અતિસૂક્ષ્મ કણો અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

લાંબા અંતરની મિસાઈલો માટે જાપાન ભારતની સુવિધા વાપરવા ઉત્સુક

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૯

જાપાને લાંબા અંતરની મિસાઈલોનું પરીક્ષણ કરવા માટે ભારત પાસે ટેસ્ટિંગ ફેસિલિટી ઉપલબ્ધ કરાવવાની માગ કરી છે. જાપાનનું લશ્કરી પ્રતિનિધિમંડળ ગયા સપ્તાહે ભારતની મુલાકાતે આવ્યું હતું. આ દરમિયાન પ્રતિનિધિમંડળે મિસાઈલ પરીક્ષણ માટેની સુવિધાઓ અને ફાયરિંગ રેન્જનું નિરીક્ષણ કર્યું હતું. સાથે જ સમુદ્રમાં રહેલા લક્ષ્યો પર પ્રહાર કરતી મિસાઈલોનો ઉપયોગ અને ડ્રોન હુમલાનો સામનો કરવાની પદ્ધતિઓ અંગે પણ ચર્ચા થઈ હતી.જાપાનના મીડિયા અહેવાલો અનુસાર, જાપાનના ચીફ ઓફ સ્ટાફ જનરલ અરાઈ માસાયોશીએ ૨૭ ઓક્ટોબરે પત્રકાર પરિષદમાં ભારત સાથે સંરક્ષણ ક્ષેત્રે સહયોગ અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે સંરક્ષણ સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવા અને ભારતીય પ્રતિનિધિઓ સાથે સંકલન સાધવા જાપાની ટુકડીઓને ભારત મોકલવામાં આવી હતી. જાપાનના સરકારી પ્રસારણકર્તા NHKના અહેવાલ મુજબ, જાપાનના સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓ ઓક્ટોબરના મધ્યમાં ભારત આવ્યા હતા અને લગભગ એક સપ્તાહ રોકાયા હતા. આ દરમિયાન તેમણે પરીક્ષણ સુવિધાઓ તથા ફાયરિંગ રેન્જની મુલાકાત લીધી હતી.જનરલ અરાઈએ જણાવ્યું હતું કે સમુદ્રમાં રહેલા જહાજો પર પ્રહાર કરી શકે તેવી લાંબા અંતરની મિસાઈલોનું પરીક્ષણ કરવું પડકારજનક હોય છે. તેમણે ભારતની મિસાઈલ ક્ષમતાનો ઉલ્લેખ કરતાં અગ્નિ-૫ મિસાઈલનું ઉદાહરણ આપ્યું હતું, જે આશરે ૫,૦૦૦ કિલોમીટર દૂર સુધી પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે. જાપાન પાસે હાલમાં સેંકડો કિલોમીટર દૂર સુધી ચોક્કસ પ્રહાર કરી શકે તેવી સ્ટેન્ડ-ઓફ મિસાઈલો છે. જોકે, તેની સંરક્ષણ જરૂરિયાતો માટે વધુ લાંબા અંતર સુધી પ્રહાર કરી શકે તેવી મિસાઈલ ક્ષમતા વિકસાવવાની દિશામાં પ્રયાસો થઈ રહ્યા છે.ભારતની મુલાકાત દરમિયાન જાપાનના સંરક્ષણ મંત્રી શિન્જિરો કોઈઝુમી સાથે પણ સંરક્ષણ સહયોગ સંબંધિત ચર્ચાઓ થઈ હતી. નવી દિલ્હીના માણેકશા સેન્ટરમાં પરસ્પર સુરક્ષા અને દરિયાઈ સુરક્ષા સંબંધિત સમજૂતી કરારો (MoU) થયા હોવાનો અહેવાલ છે. ભારત અને જાપાન વચ્ચે વધતો સંરક્ષણ સહયોગ બંને દેશો માટે વ્યૂહાત્મક રીતે મહત્ત્વનો છે. જોકે, જાપાનને ભારતની મિસાઈલ પરીક્ષણ સુવિધાઓનો ઉપયોગ કરવાની મંજૂરી અંગેની અંતિમ વિગતો સ્પષ્ટ થવાની બાકી છે.

હિંમત હોય તો સંસદ ભંગ કરી બેલેટ પેપરથી ચૂંટણી કરાવો:ખડગે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૯ : કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ બેલેટ પેપરથી ચૂંટણી યોજવાની માંગને ફરી દોહરાવીને ભાજપને સીધો પડકાર ફેંક્યો છે. તેમણે કહ્યું કે જો ભાજપને પોતાની લોકપ્રિયતા અને જનસમર્થન પર વિશ્વાસ હોય તો સંસદ ભંગ કરીને બેલેટ પેપરથી ફરી ચૂંટણી કરાવવાની હિંમત બતાવે. વિધાન પરિષદની ચૂંટણીનાં પરિણામો બાદ ચૂંટણી પ્રક્રિયાને લઈને સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચેનો વિવાદ વધુ ઉગ્ર બન્યો છે. ખડગેએ આરોપ લગાવ્યો હતો કે દેશમાં મતદાન પ્રક્રિયામાં ગેરરીતિઓ થઈ રહી છે અને ચૂંટણી પંચની ભૂમિકા સામે સવાલો ઊભા થયા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે કોંગ્રેસ બેલેટ પેપરથી ચૂંટણી યોજવાની માંગમાંથી પાછળ હટશે નહીં. તેમના જણાવ્યા મુજબ, ચૂંટણીમાં હાર-જીત થતી રહે છે, પરંતુ તેના આધારે કોઈ પક્ષનો જનાધાર નક્કી કરી શકાય નહીં. ભાજપે ચૂંટણી પરિણામોને લઈને અહંકાર રાખવાને બદલે લોકશાહી પ્રક્રિયા અંગે ઊભા થયેલા સવાલોનો જવાબ આપવો જોઈએ.ચૂંટણી પંચ સામેના વિરોધને વધુ વ્યાપક બનાવવા માટે 'ઇન્ડિયા' ગઠબંધનના નેતાઓએ બેઠક યોજીને આગામી કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરી છે. વિપક્ષ દ્વારા ૩૦ ઑક્ટોબરે પ્રતીકાત્મક સંસદનું આયોજન અને ૧ નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાનમાં વિશાળ રેલી યોજવાની જાહેરાત કરવામાં આવી છે.

૯૦ ટકા મતગણતરી બાદ પણ નેતન્યાહૂ ગઠબંધન બહુમતીથી દૂર

(સંપૂર્ણ સમાચાર સેવા)

જેરૂસલેમ, તા.૨૯

ઈઝરાયલમાં થયેલી ચૂંટણીમાં મતગણતરી ૯૦ ટકા જેટલી થઈ ચુકી છે. અત્યાર સુધીના પરિણામની વાત કરીએ તો નેતન્યાહૂ ગઠબંધન ૫૩ બેઠકો પર આગળ છે, નેતન્યાહૂની લિકુડ પાર્ટી ૨૬ બેઠકો પર આગળ છે જ્યારે તેમની વિરોધી પાર્ટી ૨૧ સીટ પર પહોંચી છે. જે પ્રમાણે રિઝલ્ટ આવી રહ્યું છે તેને જોતાં ઈઝરાયલમાં ત્રિશંકુ સરકારની શક્યતા સેવાઈ રહી છે. કારણ કે હજુ સુધી કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી મળી નથી. ઈઝરાયલમાં સરકાર બનાવવા માટે ૬૧ બેઠકોની જરૂર છે. જેમાં નેતન્યાહૂ ગઠબંધન હજુ ૫૩ બેઠક પર જ આગળ છે જ્યારે અરબ પાર્ટીઓ ૧૯ બેઠક જીતે તેવું અનુમાન છે. ચૂંટણીમાં હવે અંતિમ ચરણની મતગણતરી પર સૌ કોઈની નજર છે. કારણ કે તેનાથી ચૂંટણીનું પરિણામ બદલી પણ શકે છે.નેતન્યાહૂ ગઠબંધનને સ્પષ્ટ બહુમતી નથી મળી પણ તેમને સત્તામાંથી હટાવવા માટે અરબ અને જોઈંટ લિસ્ટ પાર્ટી એકબીજાને સહયોગ આપવાની જાહેરાત કરી ચુકી છે.

અમેરિકાએ ચીનની ત્રણ જિનોમિક્સ કંપનીઓનાં ઉત્પાદનો પર પ્રતિબંધ મૂક્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૯

અમેરિકા અને ચીન વચ્ચે ફરી તણાવ વધ્યો છે. અમેરિકી સરકારે ચીનની ત્રણ જિનોમિક્સ કંપનીઓનાં ઉત્પાદનોની આયાત પર પ્રતિબંધ મૂક્યો છે. આ કંપનીઓ પર ચીનના શિનજિયાંગ વિસ્તારમાં ઉઇગર અને અન્ય વંશીય લઘુમતી સમુદાયોના લોકો પાસે બળજબરીથી મજૂરી કરાવવાના કામમાં સામેલ હોવાનો આરોપ છે. અમેરિકાના આ નિર્ણયથી ચીનના બાયોટેકનોલોજી અને જિનોમિક્સ ક્ષેત્ર પર દબાણ વધવાની શક્યતા છે .અમેરિકાના નિશાન પર આવેલી કંપનીઓમાં BGI Genomics, MGI Tech અને Shenzhen BGI Technologyનો સમાવેશ થાય છે. અમેરિકી અધિકારીઓના જણાવ્યા અનુસાર, Shenzhen BGI Technologyને BGI Groupના નામથી પણ ઓળખવામાં આવે છે. અમેરિકાનો આરોપ છે કે આ કંપનીઓએ શિનજિયાંગની સ્થાનિક સરકાર સાથે મળીને બળજબરીથી મજૂરી સાથે જોડાયેલી પ્રવૃત્તિઓને શક્ય બનાવવામાં મદદ કરી હતી. આ આરોપોના આધારે અમેરિકી વહીવટીતંત્રે આ કંપનીઓનાં ઉત્પાદનોની આયાત પર નિયંત્રણો લાદ્યાં છે.ત્રણેય કંપનીઓ જિનોમિક્સ અને બાયોટેકનોલોજીના ક્ષેત્રમાં કાર્યરત છે. જિનોમિક્સમાં સજીવના DNA અને જનીનોનો અભ્યાસ કરવામાં આવે છે. આ ટેક્નોલોજીનો ઉપયોગ તબીબી સંશોધન, બીમારીઓની ઓળખ અને વૈજ્ઞાનિક અભ્યાસમાં થાય છે.

અન્ય સમાચારો

વલસાડનાં વૃધ્ધ સાથે છેતરપિંડી આચરનાર ગેંગના વધુ ત્રણને ઝડપ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૯ : અઘોરી બાબા અને ગુરુજી બની પૈસા ડબલ કરવાની લાલચ આપી સિનિયર સિટીઝન સાથે લાખો રૂપિયાની ઓનલાઈન છેતરપિંડી આચરનારી ટોળકીના વધુ ત્રણ વોન્ટેડ સાગરીતોને વલસાડ સાયબર ક્રાઈમ પોલીસની ટીમે બાતમીના આધારે મહિસાગર જિલ્લાના વિરપુરથી ઝડપી પાડવામાં સફળતા મેળવી છે.

ગત તા.૨૯/૦૪/૨૦૨૬ ના રોજ એક ૭૬ વર્ષીય વયોવૃદ્ધ પિતાજીને અજાણ્યા ગઠિયાઓએ ઈન્ટરનેટના માધ્યમથી સંપર્ક કરી અઘોરી બાબા અને ગુરુજી તરીકે ઓળખ આપી હતી. માતાજીની કૃપાથી રોકેલા નાણાં ડબલ થઈ જશે તેવી લાલચ આપી અલગ-અલગ બેંક ખાતામાં કુલ ૧૯,૬૦,૫૦૦ રૂપિયાની રકમ પડાવી લીધી હતી. આ બનાવ અંગે વલસાડ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આ કેસમાં અગાઉ ૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી ચૂકી હતી. જ્યારે અન્ય ૬ આરોપીઓ વોન્ટેડ હતાં. સાયબર ક્રાઈમ ટીમ દ્વારા વોન્ટેડ આરોપી મહેબૂબ શેખ વીરપુરથી દબોચી લીધો હતો. તેની પૂછપરછના આધારે અન્ય બે વોન્ટેડ આરોપીઓને પણ વીરપુર થી આરોપી મહેબૂબ અબ્દુલ રહીમભાઈ શેખ, સરફરાજ નાશીરખાન પઠાણ, સાહિલમિયા સીરાજમિયા શેખને ઝડપી પાડ્યા હતાં. પોલીસની પ્રજાજોગ અપીલ કે તાંત્રિક વિધિથી પૈસા ડબલ કરવાનો દાવો તદ્દન ખોટો અને ભ્રામક છે. શંકાસ્પદ કોલ કે મેસેજ મળે તો ગભરાયા વગર તુરંત સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરવો અથવા નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવી.

અતુલનાં ઉપસરપંચને હોદ્દા પર પુનઃસ્થાપિત થવાનો કોઈ હક નહીં : હાઈકોર્ટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૯ : ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્પેશિયલ સિવિલ મામલે એક મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે. હાઈકોર્ટના જસ્ટિસ નિખિલ એસ. કેરીયલની અદાલતે સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે કે, આ આદેશના આધારે અરજદારને ઉપસરપંચ દર્શન દેસાઈના પદ પર પુનઃસ્થાપિત થવાનો કોઈ હક મળશે નહીં. આ સાથે જ તેમને ફરીથી ઉપસરપંચ તરીકે પદભાર સંભાળવા પર પણ કોઈ મંજૂરી આપવામાં આવી નથી.

વલસાડ જિલ્લા વિકાસ અધિકારી અને એડિશનલ ડેવલપમેન્ટ કમિશનરના અગાઉના હુકમ સામે અરજદાર દ્વારા હાઈકોર્ટમાં દાદ માંગવામાં આવી હતી. હાઈકોર્ટે આ કેસના ગુણદોષ પર વિચાર કર્યા વગર, પ્રક્રિયા ગત ખામીઓને ધ્યાને રાખી સમગ્ર મામલો ફરીથી નિર્ણય લેવા માટે જિલ્લા વિકાસ અધિકારી, વલસાડને પરત કર્યો છે. અદાલતે સ્પષ્ટ તાકીદ કરી છે કે ડી.ડી.ઓ. વલસાડ દ્વારા કુદરતી ન્યાયના સિદ્ધાંતો તેમજ ગુજરાત પંચાયત અધિનિયમની સંબંધિત જોગવાઈઓનું કડકપણે પાલન કરીને આ સમગ્ર પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવાની રહેશે. ત્યાં સુધી દર્શલ વિજયભાઈ દેસાઈને ઉપસરપંચ તરીકે કોઈ પુનઃસ્થાપના કે રાહત મળી નથી.

આજે વલસાડ પાલિકાની સામાન્યસભા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૯ : વલસાડ નગરપાલિકામાં ડોર-ટુ-ડોર કચરા કલેક્શન અને શહેરની સફાઈના કોન્ટ્રાક્ટને લઈને ફરી એકવાર મોટો વિવાદ ઊભો થયો છે. કરોડો રૂપિયાના ખર્ચ છતાં શહેરમાં સફાઈના ધાંધિયા હોવાની વ્યાપક ફરિયાદો વચ્ચે આવતીકાલે મળનારી સામાન્ય સભામાં આ મુદ્દો ભારે ગાજે તેવી શક્યતા છે. ગત વર્ષે વલસાડ શહેરમાં ડોર-ટુ-ડોર કલેક્શન અને સફાઈ માટે અંદાજે ૧.૭૫ કરોડનો ખર્ચ થતો હતો. ત્યારબાદ આ કામગીરીનો કોન્ટ્રાક્ટ અચાનક ૪ કરોડમાં એક એજન્સીને સોંપવામાં આવતા વિવાદનો મધપૂડો છેડાયો હતો. પાલિકાના ૨૩ જેટલા સભ્યોએ આ નિર્ણય સામે ખુલ્લો મોરચો માંડી મામલો પ્રાદેશિક કમિશનર કચેરી સુધી પહોંચાડ્યો હતો, જેના પગલે તે વિવાદાસ્પદ કોન્ટ્રાક્ટ રદ કરવાની ફરજ પડી હતી. જોકે, ત્યારબાદ વિરોધ પક્ષના ૬ જેટલા સભ્યોનું વલણ ઢીલું પડતાં તેઓ પીછેહઠ કરી ગયા હોવાની ચર્ચાએ જોર પકડ્યું હતું. હાલમાં શહેરના તમામ ૧૧ વોર્ડ માટે સફાઈ અને ડોર-ટુ-ડોર કામગીરીનો વાર્ષિક ખર્ચ વધીને ૫ કરોડ સુધી પહોંચી ગયો હોવા છતાં જમીની હકીકત બદલાઈ નથી.

શહેરમાં દર વર્ષે કરોડો રૂપિયા પ્રજાના ટેક્સમાંથી સફાઈ પાછળ ફાળવાઈ રહ્યા છે, તેમ છતાં અનેક સોસાયટીઓ અને વિસ્તારોમાં નિયમિત કચરો ઉપાડવા ગાડીઓ આવતી ન હોવાની સ્થાનિકોમાં ઉગ્ર નારાજગી જોવા મળી રહી છે. ગંદકીના ગંજ ખડકાતા લોકોમાં પાલિકા તંત્ર અને એજન્સી સામે ભારે રોષ ફેલાયો છે.આવતીકાલે યોજાનારી વલસાડ નગરપાલિકાની સામાન્ય સભામાં સફાઈ અને ડોર-ટુ-ડોર કલેકશનની ગેરરીતિ તેમજ નિષ્ફળ કામગીરીનો મુદ્દો કેન્દ્રસ્થાને રહેશે.

વલસાડ પાલિકાના એક સભ્યને પગાર ચુકવવામાં આવે છે ?

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૯ : રાજ્યભરમાં નગરપાલિકા ગ્રામ પંચાયત કે જિલ્લા પંચાયતના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓને સરકાર દ્વારા કોઈ નિયમિત માસિક પગાર ચૂકવવામાં આવતો નથી. તેમ છતાં સ્થાનિક નગરપાલિકામાં એક વગદાર સભ્યને દર મહિને નિયમિત પગાર જેવો ચૂકવાતો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવતાં સમગ્ર પાલિકાના સભ્યોમાં ચકચાર મચી જવા પામી છે.

આ ચૂકવણી સરકારી તિજોરીમાંથી સીધી રીતે દર્શાવવાને બદલે પાલિકાના વિવિધ વિકાસ કાર્યો કરતા કોન્ટ્રાક્ટરો મારફતે કરવામાં આવી રહી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. કોન્ટ્રાક્ટરોના બિલ અને કમિશનની આડમાં આ લાગવગિયા સભ્યને માસિક રકમ પહોંચાડવામાં આવતી હોવાના ગણગણાટથી પાલિકા વર્તુળોમાં ભારે ગરમાવો આવી ગયો છે. ત્યારે પાલિકા ના એક ચોક્કસ સભ્ય પર આ પ્રકારની 'મહેરબાની' શા માટે કરવામાં આવી રહી છે, તેને લઈને અન્ય ચૂંટાયેલા સભ્યોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. આ મામલો બહાર આવતાં જ પાલિકાના સભ્યો, પદાધિકારીઓ અને સ્થાનિક નાગરિકોમાં આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. આ મુદ્દે સભ્યો દ્વારા કોન્ટ્રાક્ટર દ્વારા સભ્યને આપવામાં આવતો વ્યવહારની તટસ્થ તપાસ કરવાની માંગ કરી છે.

નવસારીમાં હોટલ-ગેસ્ટહાઉસમાં રોકાતા મુસાફરોની વિગતો એપમાં નોંધાવો

નવસારી, તા.૨૯ : નવસારી જિલ્લામાં હોટલ, ગેસ્ટહાઉસ, રિસોર્ટ, ફાર્મહાઉસ, ધર્મશાળા, મુસાફરખાના, ક્લબ હાઉસ સહિતનાં સ્થળોએ ભાડે રોકાતા મુસાફરોની વિગતો ઓનલાઈન ઉપલબ્ધ રહે તે હેતુથી નવસારી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે. એન. લિખિયાએ જાહેરનામું બહાર પાડ્યું છે.

જાહેરનામા મુજબ, તમામ સંબંધિત સ્થળોના માલિકો, સંચાલકો અને જવાબદાર વ્યક્તિઓએ રિસેપ્શન કાઉન્ટર પર ઈન્ટરનેટ સુવિધા સાથે કમ્પ્યુટર રાખવાનું રહેશે. મેન્યુઅલ રજિસ્ટરમાં નોંધાતી તમામ એન્ટ્રીઓ ગુજરાત પોલીસની PATHIK એપમાં ઓનલાઈન કરવાની રહેશે, જેથી મુસાફરોની વિગતો દૈનિક ધોરણે ઉપલબ્ધ રહે.

જાહેર નોટીસ

મહેરબાન ધરમપુરના પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ધરમપુર

ક્રિમિનલ પરચુરણ અરજી નં.૧૮૨/૨૦૨૬
મુદત તારીખ :- ૦૩/૧૨/૨૦૨૬

અરજદાર : ગળવી જીગરભાઈ મગનભાઈ
રહે. : આસુરા, તા.ધરમપુર, જી.વલસાડ (વિ.વ.શ્રી. બી.ડી. દેસાઈ)
વિરુધ્ધ
સામાવાળા : જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રાર, ધરમપુર
ગ્રામ પંચાયત આસુરા,
તા.ધરમપુર, જી.વલસાડ

આથી આ જાહેર નોટીસ દ્વારા તમામ લાગતા વળગતા લોકોને ઉપર જણાવેલ નંબરની અરજી આ કામના અરજદારનાઓએ તેમના પરદાદા **રૂપજીભાઈ બુધુભાઈ**નું મરણ તા.૨૫/૦૫/૧૯૮૭ના રોજ મોજે ગામ-આસુરા, તા.ધરમપુર, જી.વલસાડ, મુકામે થયું હતું. જે મુજબનો મરણનો દાખલો મેળવવા માટે અત્રેની પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે જન્મ અને મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબની અરજી કરેલ છે. જે અંગેનો કોઈપણને વાંધો વિરોધ હોય તો તમે જાતે અથવા આપના અધિકૃત વકીલશ્રી મારફતે તારીખ ૦૩/૧૨/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૩૦ વાગ્યે પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે હાજર રહીને તે અંગેનો લેખિત વાંધો રજુ કરી શકે છે. જો આપ ઉપર જણાવેલ તારીખ અને સમયે કોર્ટ સમક્ષ હાજર નહીં રહો, તો આપની ગેરહાજરીમાં એકતરફી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, જેની ગંભીર નોંધ લેવી.

આજ રોજ તા.૨૯ માહે ઓક્ટોમ્બરને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર		હુકમથી
સહી/-	સહી/-	કોર્ટનો સિક્કો	સહી/-
આસિસ્ટન્ટ	સુપ્રિટેન્ટેન્ટ		રજીસ્ટ્રાર સીવીલ
સીવીલ કોર્ટ, ધરમપુર	સીવીલ કોર્ટ, ધરમપુર		કોર્ટ, ધરમપુર

મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૧૬૯/૨૦૨૬

અરજદાર : શ્રી હેમંતભાઈ બાલુભાઈ પટેલ, ઉ.વ.આ.૫૨, ધંધો - ખેતી
રહે. પરેટી, કોપરલી ફળિયું, કરમબેલે
તા.ઉમરગામ, જી.વલસાડ, (વ.શ્રી. એસ.એન. દેસાઈ)
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,
ગ્રામ પંચાયત કચેરી, કરમબેલે
તા.ઉમરગામ, જી.વલસાડ

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **હેમંતભાઈ બાલુભાઈ પટેલ** રહે. પરેટી, કોપરલી ફળિયું, કરમબેલે, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા **સ્વ. નાનીબેન લાલુભાઈ પટેલનું** મરણ તા.૦૫-૦૫-૧૯૯૧ના રોજ મોજે - પરેટી, કોપરલી ફળિયું, કરમબેલે, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૦/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમએજી/જન્મ-મરણ/૨.જી.નં.૧૬૯/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

No.MAM/SIL/RTS/RBD-DNH/134/Birth/2026/4511 Dated: 22/08/2026

APPLICANT - Soma Manabhai Irim,
Presently residing at- Dandikar,
Kharadpada, Naroli, DNH.
Mo 6359966016
V/S
OPPONENTS - The Registrar of Births & Deaths,
Kharadpada.

NOTICE

The public to take note that the above, named applicant Soma Manabhai Irim's daughter, Priyankaben Somabhai Irim, who was born on 27/05/2012 at Kharadpada, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Kharadpada. Hence, the applicant has moved on application to pass an order to register birth of Priyankaben Somabhai Irim. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will passi necessary order accordingly.

Sd/-
RTS-I

મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨) જ.મ.પ.અ.નં.૧૬૮/૨૦૨૬

અરજદાર : શ્રી ચંદુભાઈ ચિમનભાઈ પટેલ, ઉ.વ.આ.૭૪, ધંધો - ખેતી
રહે. પરેટી, કોપરલી ફળિયું, કરમબેલે
તા.ઉમરગામ, જી.વલસાડ, (વ.શ્રી. એસ.એન. દેસાઈ)
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,
ગ્રામ પંચાયત કચેરી, કરમબેલે
તા.ઉમરગામ, જી.વલસાડ

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ચંદુભાઈ ચિમનભાઈ પટેલ** રહે. પરેટી, કોપરલી ફળિયું, કરમબેલે, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા **સ્વ. કેશરીબેન ચિમનભાઈ પટેલનું** મરણ તા.૧૧-૦૬-૧૯૭૯ના રોજ મોજે - પરેટી, કોપરલી ફળિયું, કરમબેલે, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૦/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમએજી/જન્મ-મરણ/૨.જી.નં.૧૬૮/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

જાહેર નોટીસ

મહે. વાપીના એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, વાપી.

અરજદારના વ.શ્રી.એસ.આર. પટેલ
ફો.પ.અ. નં.૮૬૩/૨૦૨૬
મુદત તારીખ :- ૨૧/૧૧/૨૦૨૬

અરજદાર : રવિન્દ્ર ગુહાન પાસવાન, ઉમર - ૪૬, ધંધો : નોકરી,
રહે. : રૂમ નં.૫ જીતુભાઈની ચાલ, અમર નગર, ચણોદ, તા.વાપી, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ-મરણ સબ રજીસ્ટ્રાર સાહેબશ્રી
વાપી મહાનગર પાલિકા વાપી

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાં પક્ષકારોને જણાવવામાં આવે છે કે આ કામનાં અરજદારે અત્રેની કોર્ટમાં દાખલ કરેલ **ફો.પ.અ.નં.૮૬૩/૨૦૨૬**માં જણાવ્યા મુજબ અરજદારના દિકરીના નામે **અનીતા રવિન્દ્ર પાસવાન,નો જન્મ ૧૬/૧૧/૨૦૧૧ના** રોજ મુ.પો.વાપી મુકામે ઘરે થયેલ હતો. જે તે સમયે તેમના જન્મની નોંધણી સરકારી કે અર્ધસરકારી દફતરે શરતચૂકથી તેમજ કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવેલ નહતી. જેથી અરજદારની દિકરીના જન્મની નોંધ ૧૯૬૯નાં નોંધણી ધારા અન્વયે જન્મ-મરણની નોંધણી ફરજીયાત હોઈ તથા સરકારી કામ માટે જન્મના દાખલાની જરુર હોઈ અરજદારના દિકરીના જન્મનો દાખલો મેળવવા માંગતા હોઈ તે અંગે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં **મુદત તારીખ ૨૧.૧૧.૨૦૨૬**નાં રોજ સવારે ૧૦:૪૫ કલાકે જાતે તથા/અથવા પોતાનાં માહિતગાર વકીલશ્રી મારફત હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર થશે તો તે બદલ નામદાર કોર્ટથી યોગ્ય ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ તમામ લાગતાં વળગતાં વ્યક્તિઓએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૨મી માહે ઓક્ટોમ્બરને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર		મુકાબલ કરનાર
સહી/-	કોર્ટનો સિક્કો	સહી/-
(એમ.બી. મણવર)		(પી.પી. વૈષ્ણવ)
આસિસ્ટન્ટ		સુપ્રિટેન્ટેન્ટ

જાહેર નોટીસ

મહે. વાપીના એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, વાપી.

અરજદારના વ.શ્રી.એસ.આર. પટેલ
ફો.પ.અ. નં.૮૬૪/૨૦૨૬
મુદત તારીખ :- ૨૧/૧૧/૨૦૨૬

અરજદાર : રવિન્દ્ર ગુહાન પાસવાન, ઉમર - ૪૬, ધંધો : નોકરી,
રહે. : રૂમ નં.૫ જીતુભાઈની ચાલ, અમર નગર, ચણોદ, તા.વાપી, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ-મરણ સબ રજીસ્ટ્રાર સાહેબશ્રી
વાપી મહાનગર પાલિકા વાપી

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાં પક્ષકારોને જણાવવામાં આવે છે કે આ કામનાં અરજદારે અત્રેની કોર્ટમાં દાખલ કરેલ **ફો.પ.અ.નં.૮૬૪/૨૦૨૬**માં જણાવ્યા મુજબ અરજદારના દિકરીના નામે **અંજલી રવિન્દ્ર પાસવાન,નો જન્મ ૦૯/૧૦/૨૦૦૯ના** રોજ મુ.પો.વાપી મુકામે ઘરે થયેલ હતો. જે તે સમયે તેમના જન્મની નોંધણી સરકારી કે અર્ધસરકારી દફતરે શરતચૂકથી તેમજ કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવેલ નહતી. જેથી અરજદારની દિકરીના જન્મની નોંધ ૧૯૬૯નાં નોંધણી ધારા અન્વયે જન્મ-મરણની નોંધણી ફરજીયાત હોઈ તથા સરકારી કામ માટે જન્મના દાખલાની જરુર હોઈ અરજદારના દિકરીના જન્મનો દાખલો મેળવવા માંગતા હોઈ તે અંગે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં **મુદત તારીખ ૨૧.૧૧.૨૦૨૬નાં** રોજ સવારે ૧૦:૪૫ કલાકે જાતે તથા/અથવા પોતાનાં માહિતગાર વકીલશ્રી મારફત હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર થશે તો તે બદલ નામદાર કોર્ટથી યોગ્ય ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ તમામ લાગતાં વળગતાં વ્યક્તિઓએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૨મી માહે ઓક્ટોમ્બરને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર		મુકાબલ કરનાર
સહી/-	કોર્ટનો સિક્કો	સહી/-
(એમ.બી. મણવર)		(પી.પી. વૈષ્ણવ)
આસિસ્ટન્ટ		સુપ્રિટેન્ટેન્ટ

નિલકમલ લિમિટેડ

CIN : L25209DN1985PLC000162

રજી ઓફીસ: સર્વે નં. ૩૫૪/૨ અને ૩૫૪/૩, રાખોલી બ્રીજ પાસે, સિલ્વાસા-ખાનવેલ રોડ, વસોના ગામ, સિલ્વાસા - ૩૯૬૨૩૦ (કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ)
વેબસાઈટ : www.nilkamal.com • ઈ-મેલ : investor@nilkamal.com

Nilkamal®

૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના અંતે પૂરા થતા ત્રિમાસિક અને અર્ધ વાર્ષિક અનઓડીટેડ નાણાકીય પરિણામો

(₹ લાખમાં)

ક્રમ નં.	વિગત	સ્ટેન્ડલોન			એકીકૃત		
		ચાલુ ત્રિમાસિક સમયગાળો ૩૦/૦૯/૨૦૨૬	ગત વર્ષના ત્રિમાસિક અંત સમયગાળો ૩૦/૦૯/૨૦૨૫	ચાલુ વર્ષનો અર્ધ વાર્ષિક સમયગાળો ૩૦/૦૯/૨૦૨૬	ચાલુ ત્રિમાસિક સમયગાળો ૩૦/૦૯/૨૦૨૬	ગત વર્ષના ત્રિમાસિક અંત સમયગાળો ૩૦/૦૯/૨૦૨૫	ચાલુ વર્ષનો અર્ધ વાર્ષિક સમયગાળો ૩૦/૦૯/૨૦૨૬
		અનઓડીટેડ	અનઓડીટેડ	અનઓડીટેડ	અનઓડીટેડ	અનઓડીટેડ	અનઓડીટેડ
૧	કુલ આવક	૧,૧૦,૬૦૪.૬૭	૯૪,૮૦૮.૮૩	૧,૯૦,૫૩૪.૪૮	૧,૧૨,૫૮૫.૨૧	૯૬,૭૭૦.૭૨	૧,૯૪,૫૫૮.૫૧
૨	કરવેરા પૂર્વે ચોખ્ખો નફો, અપવાદરૂપ આઈટમ અને અસાધારણ આઈટમો પૂર્વે	૮,૮૮૪.૬૦	૪,૩૧૦.૧૪	૧૨,૦૨૪.૭૭	૮,૮૦૪.૧૬	૪,૩૨૨.૨૮	૧૧,૮૭૮.૯૧
૩	કરવેરા પૂર્વે ચોખ્ખો નફો, અપવાદરૂપ આઈટમ અને અસાધારણ આઈટમો પછી	૮,૮૮૪.૬૦	૪,૩૧૦.૧૪	૧૨,૦૨૪.૭૭	૮,૮૦૪.૧૬	૪,૩૨૨.૨૮	૧૧,૮૭૮.૯૧
૪	કરવેરા પછીનો ચોખ્ખો નફો, અપવાદરૂપ આઈટમ અને અસાધારણ આઈટમો પછી	૬,૬૫૩.૧૦	૩,૨૮૭.૯૪	૮,૯૮૯.૦૬	૬,૭૮૩.૪૩	૩,૩૬૬.૪૫	૯,૨૨૩.૨૧
૫	સમય માટે કુલ વ્યાપક આવક વ્યાપક નફો (કરવેરા પછી) અને અન્ય વ્યાપક આવક (કરવેરા પછી)	૬,૭૮૯.૧૧	૩,૩૧૩.૧૧	૯,૧૩૦.૭૯	૭,૦૪૯.૮૬	૩,૫૪૯.૫૮	૯,૨૪૯.૫૭
૬	ઈક્વિટી શેર મૂડી (શેર દીઠ ₹ ૧૦ ની ફેસ વેલ્યુ)	૧,૪૯૨.૨૫	૧,૪૯૨.૨૫	૧,૪૯૨.૨૫	૧,૪૯૨.૨૫	૧,૪૯૨.૨૫	૧,૪૯૨.૨૫
૭	શેર દીઠ આવક (શેર દીઠ ₹ ૧૦ ની ફેસ વેલ્યુ) બેઝિક અને ડાઈલ્યુટેડ (વાર્ષિક નથી) (₹)	૪૪.૫૮	૨૨.૦૩	૬૦.૨૪	૪૫.૪૧	૨૨.૪૯	૬૧.૭૦

નોંધ:
(૧) ઉપરોકત પરિણામો સંક્ષિપ્તમાં આપેલ છે. સેબી નિયમન ૩૩ મુજબ (લીસ્ટીગં ઓબ્લીગેશન એન્ડ ડીસકલોઝર રીકવાયરમેન્ટ) રેગ્યુલેશન, ૨૦૧૫ના જોગવાઈ મુજબ કંપનીના વિગતવાર ત્રિમાસિક / અર્ધ વાર્ષિક પરિણામો સ્ટોક એક્ચેન્જમાં આપેલ છે. કંપનીની નાણાંકીય પરિણામો સ્ટોક એક્ચેન્જની વેબસાઈટ (www.bseindia.com) અને (www.nseindia.com) તથા કંપનીની વેબસાઈટ (www.nilkamal.com) ઉપર ઉપલબ્ધ છે. નીચે આપેલ કયુઆર કોડને સ્કેન કરીને તેને એકસેસ કરી શકય છે.

સ્થળ: મુંબઇ
તારીખ: ૨૯ ઓક્ટોબર, ૨૦૨૬

બોર્ડના આદેશ દ્વારા
નિલકમલ લિમિટેડ વતી
સહી/-
હિતેન વી. પારેખ
મેનેજીંગ ડિરેક્ટર

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ
પેરાગોન, VKC, ફલાયપર, ઈબ્લુ
ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

ટેરેસ ગળે છે ??
વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man Raymond dinesh Siyaram's DONEAR DIGJAM NIRVAN SHIRTINGS ICON ashima LUXURY FABRICS Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

નાનાસુરવાડાથી જુગાર રમતાં ૫ ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૯ : વલસાડ રૂરલ પોલીસ ટીમે બાતમીના આધારે નાના સુરવાડા ગામના આંબાવાડી વિસ્તારમાં દરોડો પાડી જાહેરમાં જુગાર રમી રહેલા આરોપી ઓમાં ચંદ્રકાંત માંગેલા, વિકાસ કેની, અશ્વિન માંગેલા, સંતોષ માંગેલા અને કમલેશ મહેર નામના ઈસમોની ધરપકડ કરી તેમને દાવ પર મુકેલા રોકડા ૧૫૦ તથા આરોપીઓની અંગઝડતીમાંથી મળેલા ૧,૮૬૦ મળી કુલ રૂપિયા ૨,૦૧૦ની રોકડ રકમ કબજે કરી છે. જે અંગે વલસાડ રૂરલ પોલીસે તમામ ઝડપાયેલા આરોપીઓ વિરુદ્ધ જુગાર ધારા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

મલિયાધરા પાસે રીક્ષાની ટક્કરથી વૃદ્ધનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ચીખલી, તા. ૨૯ : ચીખલી તાલુકાના મલિયાધરાગામે ક્રિકેટ ગ્રાઉન્ડ સામે આઠ દિવસ અગાઉ રસ્તે ચાલી રહેલ એક વૃદ્ધને પીયાગો રીક્ષા ચાલકે પાછળથી ટક્કર મારતા આ વૃદ્ધને શરીરને ગંભીર ઈજા થતાં સારવાર દરમિયાન મોત થયું હોવાનો બનાવ ચીખલી પોલીસ મથકે નોંધાવા પામ્યો છે. બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના મલિયા ધરાથી તેજલાવ જતા જાહેર રોડ ઉપર મલિયા ધરા ગામ નવાનગર ક્રિકેટ ગ્રાઉન્ડ સામે આઠ દિવસ અગાઉ એક પીયાગો પરીક્ષા નંબર જીજે-૧૫- વાયવાય-૩૭૯૨ના ચાલક હિતેશભાઈ ભાણાભાઈ હળપતિ રહે મલિયા ધરા હળપતિ વાસ તા. ચીખલી જેણે પોતાના કબજાની રીક્ષા પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી રસ્તે ચાલી રહેલ નગીનભાઈ સોમાભાઈ પટેલ ઉ.વ. ૭૧ રહે. મલિયાધરા નવાનગર ને પાછળથી ટક્કર મારતા નગીનભાઈ પટેલને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજા પહોંચતા જેને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં લઈ જતા જ્યાં તેમનું મોત થયું હતું.

OWNER : Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani, Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**